PNRનો મુંબઈ ખાતેનો સન્માન સમારોહ પેજ. નં. ૧૫ ઉપર

# દિવ્યાંગ-હિતેશ, દિવ્યાંગો માટે ઉભો છે સહાયભૂત થવા નેશનલ ટ્રસ્ટની નિરામયા પોલિસીના સથવારે....



પેજ નં. પાંચ ઉપર

PNR સો., બે.મૂં. શાળા અને ફોરમની સંસ્થાઓ
કોશિશ થી કામયાબી
Since 1-8-1974
વિકલાંગોના પુન:સ્થાપનની પ્રવૃત્તિનું માસિક
૧૫ મે : ૨૦૨૪, અંક નં. ૧૩૭/૫૦૩

Koshish Thi Kamyabi ◆ RNI No. GUJGUJ/2013/48176 ◆ Postel Reg. No. L2/36/RNP/BVR-414/2022-24◆ Monthly
Date of Publication : 15 May - 24 ◆ Posted at 20th of every month at BHAV.RMS ◆ Subscription Rs. 150 per year (12 Issue) ◆ Total Page : 32

# કે. એલ. બહેરા-મૂંગા શાળા તસ્વીર સમાચાર







શ્રીમતી વિમળાલક્ષ્મી રશ્મિ મનહર ફંડના લાભાર્થીઓને સહાય વિતરણ



નેશનલ ચેસ સ્પર્ધામાં વિજેતા તનુશ્રીનું સન્માન



દિવ્યાંગ મતદાતા જાગૃતિ કાર્યક્રમ




આંતરરાષ્ટ્રિય મહિલા દિનની ઉજવણી



હરિદર્શન ડાયમંડની મુલાકાતે વિદ્યાર્થીઓ



પ્રવેશ પરીક્ષાના વિજેતાનું સન્માન



ઈન્ટર નેશનલ વોલીબોલ ટીમમાં વિદ્યાર્થી સાકિરની પસંદગી

# કોશિશથી કામયાબી

**આ અંકમાં ...**


● બહેરાં-મૂંગા શાળા તસ્વીર સમાચાર................૦૨
● INDEX....................................૦૩
● CONTENTS AT A GLANCE...........૦૪
● વાંચકોના અભિપ્રાય..............................૦૪
● પગથી કામ કરતો કરમગ્ન પંડયા..................૦૪
● દિવ્યાંગ-હિતેશ, નિરામયા પોલિસી................૦૫
● અન્નદાન યોજના કીટ વિતરણનો બીજો રાઉન્ડ.......૦૬
● પ્રોજેક્ટ મોનિટરીંગ કમિટી મિટીંગ.................૦૬
● દિવ્યાંગોનું આશા કિરણ, બાબાભાઈ ............૦૭
● ફનટોપિયા એક્ઝિબિશન .........................૦૭
● વિશ્વ પાર્કિન્સન્સ દિવસ..........................૦૮
● દિવ્યાંગ મતદાતા જાગૃતિ કાર્યક્રમ ................૦૮
● નટરાજ સી. પી. બાળકોની શાળા....................૦૯
● ડિપ્લોમા ઈન સ્પેશ્યલ એજ્યુકેશનલ.................૧૧
● કે. એન. શાહ 'હાઈટેક' ઈન્કલુઝિવ સ્કૂલ ..............૧૧
● દિશા કમ વિકાસ પ્રોજેક્ટ.............................૧૧
● મુંબઈ ખાતે સન્માન સમારોહ.....................૧૩
● ઓટિઝમ સ્કૂલ માટે માતબર દાન..................૧૩
● મુંબઈ ખાતે સન્માન સમારોહ.....................૧૪
● પી.એન.આર. હોસ્પિટલ .........................૧૯
● સંસ્થામાં સેવારત ડૉક્ટરશ્રીઓ.....................૧૯
● પ્રવીણચંદ્રદલાલ ડિસેબિલિટી પ્રિવેન્શન સેન્ટર........૨૦
● અંબા સી. પી. હોસ્ટેલ..........................૨૦
● શ્રી શાહ ખી.લ. બહેરાં-મૂંગા શાળા (પ્રા. વિ.)......૨૦
● સ્ટાફ વેલફેર ફંડ..................................૨૧
● શ્રી શાહ ખી.લ. બહેરાં-મૂંગા શાળા (ઉ.મા.)........૨૧
● શ્રી શાહ ખી.લ.બહેરાં-મૂંગા શાળા મહેતા છા.........૨૩
● શ્રી ચંદાબેન મોહનભાઈ પટેલ છાત્રાલય............૨૩
● શ્રીમતી પી.આર. વાઘર સાધન-સહાય વર્કશોપ......૨૩
● શ્રી કે. કે. અજમેરા ટિચર્સ ટ્રેનિંગ કૉલેજ ...........૨૪
● શેઠશ્રી વી. સી. લોઢાવાળા હોસ્પિટલ.................૨૪
● 'અંકુર' મંદબુદ્ધિવાળા બાળકોની શાળા..............૨૬
● ડી.કે. અજમેરા ફાઉન્ડેશન તથા ભાનુવાડી સેન્ટર......૨૮
● ટીચર્સ ટ્રેઈનિંગ કોલેજ ..............................૨૮
● લાઈબ્રેરી.........................................૨૯
● ડોનેશન લિસ્ટ.....................................૨૯
● PNR તસ્વીર સમાચાર..........................૩૦


**પ્રિય વાચક મિત્રો,**

**'કોશિશ થી કામયાબી'** મેગેઝિન આપના હાથમાં મુકતાં આનંદની લાગણી અનુભવું છું.

## PNR સોસાયટી દ્વારા ઋણ સ્વિકાર-સન્માન

સન ૧૯૮૭ થી PNR સોસાયટી, ભાવનગરની સ્થાપના **શ્રીમતી પરસનબેન નારણદાસ રામજી શાહ**ના પરિવારના માતબર દાનથી શરુ થઈ. ત્યારથી શરુ કરીને અત્યાર સુધીમાં, આ દિવ્યાંગો માટેની સંસ્થાના વિકાસમાં અનેક દાતાશ્રીઓ, ટ્રસ્ટીશ્રીઓ અને કાર્યકર્તાઓએ ખૂબ જહેમત ઉઠાવી, વિવિધ ક્ષેત્રોમાં અમૂલ્ય યોગદાન આપ્યું છે.

સંસ્થાના ફાઉન્ડર શ્રી બાબાભાઈએ, ત્રણ-ત્રણ પેઢીઓથી જોડાયેલા દાતાશ્રીઓ અને કાર્યકર્તાઓને સન્માનિત કરવાનો ઉપક્રમ; તેમના પરિવારની હાજરીમાં ગોઠવવાનો ઉમદા વિચાર રજૂ કર્યો અને મુંબઈ કમિટીએ એને તા. ૨૮-૪ ના રોજ મુંબઈ ખાતે **ભવ્ય સન્માન સમારોહ** યોજી સાકાર કર્યો.

૧૦ જેટલી દિવ્ય ચેતનાઓ અને સમાજ રત્ન શ્રેષ્ઠીઓ એવા ભૂતપૂર્વ સદ્‌ગત ટ્રસ્ટીશ્રીઓ અને માનવ સેવા માટે અવિરત સેવા બજાવતા ૧૪ વર્તમાન ટ્રસ્ટીશ્રીઓની સેવાને બિરદાવતા, સ્વામીશ્રી પરમાત્માનંદજીના વરદ હસ્તે તેઓને સન્માનિત કરવામાં આવ્યાં, તે જીવનની અમૂલ્ય ક્ષણો હતી.

અત્રે યાદ કરવું ઘટે કે ગત વર્ષે ભાવનગરમાં યોજાયેલા કાર્યક્રમમાં, છ ટ્રસ્ટીશ્રીઓ કે જેઓ દશ ઉપરાંત વર્ષોથી સંસ્થામાં નિઃસ્વાર્થ ભાવે, દરરોજ પોતાનું સમય દાન આપી રહ્યાં છે, તેમનું સન્માન ડૉક્ટર પૂજ્ય જ્ઞાનવત્સલ સ્વામી દ્વારા કરવામાં આવ્યું હતું અને તેમની સેવાને બિરદાવવામાં આવી હતી.

PNR આ રીતે કાર્યકર્તાઓને સન્માનિત કરી, ઋણમુક્ત થવાનો એક નમ્ર પ્રયાસ કરી રહી છે, પરંતુ ઉપરોક્ત સૌ કાર્યકર્તાઓની દિવ્યાંગો માટે કશું કરી છૂટવાની ભાવના, માનવ જીવનને સાર્થક બનાવનારી બાબત છે. એ સૌ સેવાભાવીઓને નત મસ્તક વંદન.

✍ **કિરીટ રાઠોડ**

**Being good is easy, what is difficult is being just.**

✍ **Victor Hugo**


**Koshish Thi Kamyabi**
RNI No. GUJGUJ/2013/48176
Postel Reg. No. L2/36/RNP/
BVR-414/ 2022-24, Monthly

● **અંક નં. : ૧૩૭/૫૦૩**
**૧૫ મે - ૨૦૨૪**

● **પ્રકાશક : શ્રી ખી. લ. બહેરાંઓની સંસ્થા**
૫૧, વિદ્યાનગર, ભાવનગર-૩૬૪ ૦૦૨.
ફોન: (૦૨૭૮) ૨૪૨૯૩૨૬, ૨૪૨૦૮૩૬
મો.: ૯૪૯૯૬૬૧૬૯૪/૯૪૯૯૫૫૭૯૭૭
**E-mail** : info@pnrsociety.org
klinstitute.deaf@gmail.com
**Visit us** : www.pnrsociety.org
www.klinstitutedeaf.org

● તંત્રી
**અનંત કે. શાહ**

● સહતંત્રી
**અશ્વિન પંડ્યા**
**કિરીટ રાઠોડ**

● પ્રિન્ટિંગ
**વંશિકા ફોર્મ્સ, ભાવનગર**

● 'કોશિશ થી કામયાબી' લવાજમ
**આજીવન રૂ. ૨૫૦૦, વાર્ષિક રૂ. ૧૫૦**

● **ચેક ''શ્રી ખી. લ. બહેરાં મૂંગા શાળા, ભાવનગર''ના નામનો આપવા વિનંતી.**

● ગ્રાફિક્સ એન્ડ ડિઝાઈન
**વંશિકા ફોર્મ્સ, ભાવનગર**

● સંપાદક મંડળ
**ફાલ્ગુની ખાટસુરિયા**
**ગજાનંદ ભટ્ટ**
**જ્યોતિ ભટ્ટી**
**આરિફ જેઠવા**
**પારસ શાહ**
**ભરત કનાડા**
**રાજેશભાઈ હકાણી**




● **જાહેરાતના દર : (મેગેઝિન સાઈઝ - A4)**

| | | |
|---|---|---|
| બીજું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ત્રીજું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ચોથું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ફુલ પેજ - સિંગલ કલર | : | રૂ. ૫૦૦૦ |
| હાફ પેજ - સિંગલ કલર | : | રૂ. ૨૫૦૦ |
| ક્વાટર પેજ - સિંગલ કલર | : | રૂ. ૧૫૦૦ |




# CONTENTS AT A GLANCE

K. D. PADIA



### ◈ Present and Past Trustees Felicitated

The 28th April, 2024 was a big day for PNR Society when present and past Trustees-cum-donors were felicitated in Mumbai. Organised by Mumbai Committee of the Institute, the function had its glory and illumination. The Trustees were honoured at the hands of **Pujya Swami Shri Parmatmanandji**. In his address to the gathering he praised PNR Society and stressed importance of Empathy. The other highlight has been declaration of donations for various disabled empowering activities. A big salute to Mumbai Committee for its meticulous work to make the event a great success.

### ◈ C. P. School's Highlights

The Nataraj Cerebral Palsy School during the outgoing month had School Management Meeting for evaluation of work, World Autism Awareness Programme, Parents Meeting, Physiotherapy Camp, holding of C. P. Awareness Munch and World Epilepsy Day.

### ◈ KLID Round

The K. L. Institute for the Deaf with its three arms – Schools, Training College and Workshop – remained active throughout the month. International Women Day, felicitation of students bagging laurels, celebration of Oral Health Day and benefitting 110 disabled by Workshop giving aids to disabled were hall-marks of the Institute.

### ◈ Other Activities

K. N. Shah High-Tech Inclusive School's extra-curricular activities, importance of voting in Ankur School, Progress in Disha cum Vikas Project, Services of PNR Special Hospital and Lodhawala Hospital, Celebration of Parkinson's Day,important articles and news of disabled world formed the text of this issue.

## વાંચકોના અભિપ્રાય

**માનનીય શ્રી બાબાભાઈ,**

''કોશિશ થી કામયાબી'' માં કે.એલ. બહેરાં-મૂંગા શાળાની દીકરી હિરલબેનની વિવિધ સ્પર્ધામાં કામયાબી વાંચી અતિ આનંદ થયો. ધન્ય છે તેમના માતા-પિતા અને આપ સૌ કેર ટેઈકર્સ તથા તેમના કોચ શ્રી સંદિપભાઈ ગૌસ્વામીને અભિનંદન.

આ પ્રકારની સેવા કરવાની ક્ષમતા, સ્વાસ્થ્ય અને સમૃધ્ધિ આપે તેવી અંતઃ કરણપૂર્વકની પ્રભુને પ્રાર્થના. ફરી દીકરીને લાખ-લાખ અભિનંદન. એના જીવનના સૌ સારા મનોરથો પૂર્ણ થાય તેવી પ્રાર્થના.''

**- ડૉ. આર. જે. મહેતા પેટ્રન,**
**યોગાસન સ્પોર્ટસ ફેડરેશન ઓફ ઈન્ડિયા**

**આદરણીય શ્રી કિરીટભાઈ,**

નમસ્કાર.

''વામનની વિરાટ છલાંગ'' ટાઈટલ સાથેનો ૧૫ એપ્રિલનો ''કોશિશ થી કામયાબી'' અંક માટે આપને અને આપની સમગ્ર ટીમને અનેક શુભકામનાઓ સાથે, હાર્દિક અભિનંદન. આપના બૌધિક દ્રવ્ય, આપની લેખન કળા અને આપની કલમને મારા વંદન. PNR સમગ્ર રાષ્ટ્રનો એક આગવો સેવાનો સમિયાણો બની ગયો છે.

અભિનંદન - અ ભિનંદન.

**- જયેન્દ્ર દવે (કાળુભાઈ)**
**સિનીયર પત્રકાર, ભાવનગર.**

## પગથી કામ કરતો કરમગ્ન પંડયા



સી.પી. સ્કૂલ ધો. ૭માં અભ્યાસ કરતો સી.પી. સ્ટુડન્ટ પંડયા કરમગ્નના હાથ કામ કરતા નથી તો પગથી લખે છે. ખૂબ જ સરસ ડ્રોઈંગ કરે છે, કલરિંગ કરે છે અને મેથ્સની સરવાળા પઝલ પણ ખૂબ જ સરળતાથી સોલ્વ કરે છે. લાઈબ્રેરીમાં મેથ્સ પઝલ સોલ્વ કરવામાં મગ્ન કરમગ્ન જીવનમાં ખૂબ જ આગળ વધે અને સફળતાના શિખરો સર કરે તેવી શુભેચ્છા.

# દિવ્યાંગ-હિતેશ, દિવ્યાંગો માટે ઉભો છે સહાયભૂત થવા નેશનલ ટ્રસ્ટના સથવારે...

## બાર વર્ષથી કોમ્પ્યુટર ઓપરેટર તરીકે વિવિધ કામગીરી કરી રહયો છે આ યુવાન

શારીરિક અને માનસિક દિવ્યાંગતા પીડાજનક છે જ. પરંતુ જો યોગ્ય દિશા મળે અને મહેનતની તૈયારી હોય તો કોઈ જ સમસ્યા સફળતાને આડે આવતી નથી. આનું ઉદાહરણ છે યુવાન હિતેશ ઓઝા. લોકોમોટર દિવ્યાંગતા ધરાવતો આ યુવાન, સંસ્થામાં છેલ્લાં ૧૨ વર્ષથી કોમ્પ્યુટર ઓપરેટર તરીકે PNR સોસાયટીમાં દિવ્યાંગો માટેના જ વિવિધ કામ સફતાપૂર્વક સંભાળી રહ્યો છે.

મધ્યમવર્ગીય વિપ્ર પરિવારમાં પ્રિ-મેચ્યોર જન્મ થયેલ હિતેશ મહેશભાઈ ઓઝા, ડાબા અંગોમાં લોકોમોટરથી અસરગ્રસ્ત છે. બાળપણથી જ PNR સોસાયટીની નટરાજ સી.પી. સ્કૂલમાં તેની ઉપચારાત્મક અને શૈક્ષણિક તાલીમ શરૂ થઈ. ખંત અને ધગશ ધરાવતો હિતેશ પોતાની શારીરિક સમસ્યાને ભૂલીને તાલીમ અને વિવિધ પ્રવૃત્તિઓમાં ભાગ લેતો. ધો. ૧૨ મુખ્ય પ્રવાહની શાળામાંથી પૂર્ણ કર્યું, અને ૨૦૧૭માં ડિપ્લોમા ઈન સ્પેશિયલ એજ્યુકેશન (સેરેબ્રલ પાલ્સી) પણ પૂર્ણ કર્યું, એક જ હાથ પૂરી રીતે કામ કરવા સક્ષમ, છતાં કંઈક કરી છૂટવાની ધગશ હતી એટલે AT & T ટેકનોલોજી ઈન્સ્ટિટ્યુટમાં બેઝિક તથા ડેટા એન્ટ્રીનો કોર્સ પૂર્ણ કર્યો.

તમામ વિપરીત પરિસ્થિતિ સામે હિતેશ લડતો રહ્યો અને PNR સોસાયટીના કાર્યકરો તેને માર્ગદર્શન આપતા રહ્યાં. એ સમયે આ જ સંસ્થામાં કોમ્પ્યુટર ઓપરેટરની જગ્યા ખાલી પડી. હિતેશને થયું કે 'હું જ આ કામ કેમ ન કરું ?' તેણે આ જગ્યા માટે પોતાની અરજી કરી, યોગ્યતા મુજબ આખરે તેની પસંદગી પણ થઈ અને એક દિવ્યાંગ અન્ય દિવ્યાંગોની પ્રવૃત્તિમાં કોઈને કોઈ રીતે મદદરૂપ થવાના કામમાં જોડાયો.

સંસ્થાના વહીવટી કામ ઉપરાંત નેશનલ ટ્રસ્ટની **નિરામયા હેલ્થ પોલિસીનું** કામ પણ તેને હાથ ઉપર લીધું અને ૨૦૦૦થી વધુ દિવ્યાંગોને તેણે આ યોજનાના લાભાર્થી તરીકે જોડયા છે. છેલ્લાં ૧૨ વર્ષથી સંસ્થામાં કાર્યરત નમ્ર, નિયમિત અને મૃદુભાષી હિતેશ ઓઝા આજે PNR સોસાયટીના હાઉસ મેગેઝિનનું ટાઈપિંગ, પરિપત્રોનું ટાઈપિંગ, કોમ્પ્યુટર ડેટા એન્ટ્રી તથા સંસ્થાના વહીવટી કામો સંભાળી રહ્યો છે. મહેનતમાં પાછી પાની ન કરનાર આ દિવ્યાંગ, સરકારી નોકરી અને ગુજરાત ગૌણ સેવા પસંદગીની જગ્યા ઉપર પણ પરીક્ષાઓ આપતો રહે છે અને કયારેય નાસીપાસ થતો નથી.

# દિવ્યાંગ પ્રિયાંક ઉભો રહેતો થયો નિરામયાના સથવારે

## નિરામયા હેલ્થ પોલિસી દિવ્યાંગો માટે બની છે આશીર્વાદરૂપ



ભાવનગરનો ૧૨ વર્ષનો કિશોર પ્રિયાંક બારૈયા, જન્મથી ત્રાંસા પગ ધરાવતો હતો. આ શારીરિક દિવ્યાંગતા દૂર થાય તે માટે ઓપરેશન જરૂરી હતું. ઓપરેશનની રકમ મોટી હતી, પરંતુ દિવ્યાંગ બાળકો માટે નેશનલ ટ્રસ્ટ, ન્યૂ દિલ્હી દ્વારા ચાલતી વિશેષ નિરામયા હેલ્થ પોલિસી તેની પાસે હતી. ૨૦૨૨ માં તેના બંને પગનું ઓપરેશન થયું અને રૂા. ૪૦,૦૦૦/- જેવી રકમ આ હેલ્થ પોલિસીમાંથી મળી. આજે પ્રિયાંક બંને પગે ઉભો રહેતા થઈ ગયો છે. આ એક ઉદાહરણ છે અને આ યોજના અંતર્ગત ભાવનગર અને અમરેલી જિલ્લાના ૨૦૦૦થી વધુ દિવ્યાંગો જોડાયા છે અને તે પૈકી ૧૦૦૦ જેટલા લાભાર્થીઓને રૂા. ૩૦ લાખ જેટલી સહાય ઓપરેશન અને સારવાર માટે મળી છે.

આ નિરામયા હેલ્થ પોલિસી એક પ્રકારનો મેડિકલેમ છે. આ પ્રોજેકટ PNR સોસાયટીમાં છેલ્લાં ૨૦૧૧થી કાર્યરત છે. દિવ્યાંગો માટે આશીર્વાદરૂપ આ નિરામયા પોલિસી અંગે હજુ પણ અનેક દિવ્યાંગો અને તેમના વાલીઓ અજાણ છે. નેશનલ ટ્રસ્ટ, ન્યૂ દિલ્હીની, નિરામયા હેલ્થ પોલિસી સેરેબ્રલ પાલ્સી, મંદબુધ્ધિ, ઓટિઝમ અને મલ્ટિપલ વિકલાંગતા, આ ચાર પ્રકારના દિવ્યાંગો માટે ઉપલબ્ધ છે અને કોઈ ઉંમરની મર્યાદા કે પૂર્વ શરતો પણ નથી. આ પોલિસી શારીરિક અપંગતા, શ્રવણમંદતા કે પ્રજ્ઞાચક્ષુ માટે નથી. આ પોલિસીની વિશેષતા એ પણ છે કે તેમાં ઓપીડી, વિવિધ ટેસ્ટ, તેમજ દાંતની સારવાર સહિતની સેવાઓના ખર્ચને પણ આવરી લેવામાં આવે છે. ભાવનગરમાં નેશનલ ટ્રસ્ટમાં રજીસ્ટર થયેલ પી.એન.આર. સોસાયટી દ્વારા આ હેલ્થ પોલિસીની કાર્યવાહી થતી હોય છે.

PNR સોસાયટીના નટરાજ કેમ્પસ, કાળિયાબીડ, ભાવનગરમાં આ ફોર્મ રીન્યુઅલ/નવા ફોર્મ ભરવા માટેની વર્ષની કાર્યવાહી પૂર્ણ થતા જ લાભાર્થીઓને બે મહિનામાં કાર્ડ મળી જતા હોય છે. પોલિસી લેનાર વિકલાંગને પ્રતિ વર્ષ એક લાખ સુધીનો આરોગ્યલક્ષી ખર્ચ મળી શકે છે. આ પોલિસી લેવા માટે જરૂરી આધાર પુરાવાઓ અને જેમાં ખાસ કરીને અપંગતાનું પ્રમાણપત્ર હોવું જરૂરી છે. ઉલ્લેખનીય છે કે, ગુજરાત સરકાર આ કામગીરી કરનાર સંસ્થાને પ્રિમિયમની રકમ ચૂકવે છે, એટલે પોલિસી લેનારને કોઈ રકમ ચૂકવવાની રહેતી નથી. આ પોલિસીનો લાભ વધુને વધુ દિવ્યાંગો લે તેવા સંસ્થાના પ્રયત્ન છે. જરૂરી આધાર પુરાવાઓ અને જાણકારી માટે PNR સોસાયટીમાં શ્રી હિતેશભાઈ ઓઝા (મો. ૯૮૭૯૩૫૪૩૬૮) નો બપોરે ત્રણ થી ચાર સુધીમાં સંપર્ક કરી શકાય છે.

# શ્રી ગોકુલભાઈ શાહ, અન્નદાન યોજના કીટ વિતરણનો બીજો રાઉન્ડ



શ્રી ગોકુલભાઈ શાહ, અન્નદાન યોજના અંતર્ગત પ્રમુખ દાતા શ્રી ડી. કે. અજમેરા - ફાઉન્ડેશન ટ્રસ્ટ અને પરિવાર, તેમજ PNR સોસાયટી અને સહયોગી દાતા દ્વારા અનાજ કરીયાણાની કીટ વિતરણનો બીજો રાઉન્ડ કરવામાં આવેલ.

આ યોજનાના લાભાર્થીઓ સેરેબ્રલ પાલ્સી, ઓટિઝમ, બહુવિધ દિવ્યાંગ બાળકો તથા તેના પરિવાર માટે, તેમજ આવા દિવ્યાંગ બાળકોના સેવકોને અનાજ કરીયાણા, મસાલા, તેલ વિગેરે કીટનું વિતરણ કરવામાં આવેલ. જેમાં ભાવનગર-૫૭, તળાજા-૧૨, મહુવા-૧૨, શિહોર-૪ અને પાલિતાણા-૧૦ કીટ આમ મળીને કુલ ૯૫ કીટ લાભાર્થીને ઘરે-ઘરે પહોંચતી કરવામાં આવેલ. બીજા રાઉન્ડમાં લાભાર્થીના ઉત્સાહમાં વધારો થાય તે માટે અનાજ કરીયાણાની કીટની સાથે આશરે રૂા. ૨૫૦/- ની કિંમતની ગીફ્ટ સંસ્થા તરફથી આપવામાં આવેલ. જેમાં સંસ્થાના સી.પી. સ્કૂલ તથા દિશા કમ વિકાસ પ્રોજેક્ટના દિવ્યાંગ બાળકો દ્વારા બનાવવામાં આવેલ સાબુ, સ્પ્રે અને અગરબતીનો સમાવેશ કરવામાં આવેલ.

### દિવ્યાંગ લાભાર્થીઓને આપવામાં આવેલ અનાજ અને જીવન જરૂરી વસ્તુની યાદી

| ક્રમ | વસ્તુનું નામ | વજન |
|---|---|---|
| ૧ | ઘઉં | ૧૦ કિ. ગ્રા. |
| ૨ | ચણાનો લોટ | ૧ કિ. ગ્રા. |
| ૩ | જીરાસર ચોખા | ૫ કિ. ગ્રા. |
| ૪ | ચોખા જાડા | ૨ કિ. ગ્રા. |
| ૫ | મગ | ૫૦૦ ગ્રામ |
| ૬ | મગફાડા | ૫૦૦ ગ્રામ |
| ૭ | સનફ્લાવર તેલ | ૨ પાઉચ |
| ૮ | ચા-જયરાજ | ૫૦૦ ગ્રામ |
| ૯ | ખાંડ | ૨ કિ. ગ્રા. |
| ૧૦ | ગોળ | ૧ કિ. ગ્રા. |
| ૧૧ | મરચું | ૧ કિ. ગ્રા. |
| ૧૨ | ધાણાજીરૂ | ૫૦૦ ગ્રામ |
| ૧૩ | હળદર | ૫૦૦ ગ્રામ |
| ૧૪ | હીંગ | ૧૦૦ ગ્રામ |
| ૧૫ | સંસ્થા તરફથી | ગિફ્ટ |

આ યોજના અંતર્ગત ટોકન સ્વરૂપે થોડા લાભાર્થીને કીટનું વિતરણ નટરાજ કોલેજના કોન્ફરન્સ હોલમાં કરવામાં આવેલ. કીટ વિતરણ પ્રસંગે સંસ્થાના ટ્રસ્ટીઓ તથા સહયોગી દાતા શ્રી હંસાબેન દિનેશભાઈ ફતનાણી તેમજ શ્રીમતી મીનાક્ષીબેન ભટ્ટ અને શ્રી વિણાબેન દવે વિગેરે હાજર રહેલ.

શ્રી ગોકુલભાઈ શાહ અન્નદાન યોજનામાં નીચે મુજબના દાતાઓનો સહયોગ રહેલ છે.

**સહયોગી દાતા :** શ્રી અતુલભાઈ અજમેરા, શ્રી મિતુલભાઈ જયસુખલાલ દોશી, શ્રી ચંપાબેન નૈનીશભાઈ શાહ, શ્રી ઈલાબેન અનંતરાય શાહ, શ્રી નયનાબેન ધીરેનભાઈ શાહ, શ્રી વિક્રમભાઈ નવનીતલાલ મહેતા, શ્રી મનહરભાઈ કે. રાજાણી, શ્રી હંસાબેન ફતનાણી, હ. કવિતાબેન પારસભાઈ શાહ, શ્રી વસંતબેન નગીનદાસ કપાસી હ. સરલાબેન એન્ડ ફેમિલી, શ્રી વસંતરાય એમ. ગાંધી (યુ.એસ.એ.) હ. પ્રણયભાઈ ગાંધી.

# પ્રોજેક્ટ મોનિટરીંગ કમિટી મિટીંગ



તા. ૨૯ માર્ચ '૨૪ના રોજ પી.એન.આર. સોસાયટી અંતર્ગત ચાલતા **પ્રોજેક્ટ મોનિટરીંગ કમિટી**ની મિટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સંસ્થાના માનદ મંત્રી તેમજ પ્રોજેક્ટ મોનિટરીંગ કમિટીના ચેરમેન શ્રી કિરીટભાઈ રાઠોડના અધ્યક્ષસ્થાને મિટીંગ બોલાવવામાં આવેલ. જેમાં કમિટી મેમ્બર શ્રી પારસભાઈ શાહ, શ્રી હર્ષકાંતભાઈ રાખશિયા, શ્રી કે.ડી. પડિયા તથા આમંત્રિત સભ્યો શ્રી જીજ્ઞાબેન સોલંકી, શ્રી હિતેનભાઈ પંડયા, શ્રી જીજ્ઞેશભાઈ પારેખ, શ્રી યશભાઈ મહેતા વિગેરે ઉપસ્થિત રહેલ. સંસ્થામાં કુલ ૩૦ પ્રોજેક્ટ ચાલે છે. સંસ્થામાં ચાલતા પ્રોજેક્ટ સુચારૂ રૂપથી ચાલે અને પ્રોજેક્ટના દાતાઓને સમયસર રિપોર્ટ મળી જાય તે અંતર્ગત ચર્ચાઓ કરવામાં આવેલ. જેમાં ઉપસ્થિત તમામે પોતાના વકતવ્યો આપ્યા હતાં. મિટીંગનું સંકલન પ્રોજેક્ટ કો-ઓર્ડિનેટર શ્રી કેતનભાઈ રૂપેરાએ કરેલ.

# દિવ્યાંગોનું આશા કિરણ, બાબાભાઈ

**સુપ્રસિદ્ધ 'ચિત્રલેખા' મેગેઝિનમાં પ્રગટ થયેલો લેખ**



'૧૯૪૭ના દિવસે ૧૨ વર્ષની ઉંમરે ભાવનગરમાં તિરંગો હાથમાં લઈને આઝાદીની કૂચ કરનારા બાબાભાઈ એટલે કે અનંતભાઈ કે. શાહ આજે ૯૦ વર્ષની ઉંમરે પણ પોતાની આ સામાજિક યાત્રા અવિરત ચલાવી રહ્યા છે. સમાજ માટે કંઈક કરી છૂટવાના બીજ તો હતા જ અને ૨૬ જાન્યુઆરી, ૧૯૫૪ના રોજ મિત્રો સાથે મળીને 'દરબારગઢ વોર્ડ નવજવાન સંઘ' ની સ્થાપના કરી. આ શરૂઆતથી પહેલું ડગલું માંડયા બાદ પાછું જોયા વગર ૭૦ વર્ષમાં દસથી વધુ સંસ્થા અને વિવિધ પ્રોજેક્ટ શરૂ કર્યાં અને એ સફળતાપૂર્વક ચાલી રહ્યા છે.

૧૯૬૦ની વાત છે, ભાવનગર જેવા છેવાડાના ગામમાં બહેરાં-મૂંગા, મંદબુધ્ધિના દિવ્યાંગ બાળકો માટે નિદાન, ઉપચાર, સારવાર કે શિક્ષણની કોઈ જ વ્યવસ્થા ન હોતી. જયોતિ નામની એક દીકરીની આવી જ પીડા જોઈ બાબાભાઈની સેવાજયોત પ્રગટી ઉઠી, ત્યારથી દિવ્યાંગો માટે સમર્પિત છે આ સેવા પુરૂષ. ભાવનગર શહેર, જિલ્લા ઉપરાંત અમરેલી સહિતના સ્થળોએ દિવ્યાંગો માટે કામ કરતી પી.એન.આર. સોસાયટી અને બાબાભાઈ શાહ બંને અવિભાજ્ય અંગ છે. ભાવનગર, મુંબઈ અને વિદેશમાં પણ આ સંસ્થાના શુભેચ્છકો અને કાર્યકરો કાર્યરત છે, પરંતુ પાયામાં આ બાબાભાઈ એટલે કે અનંતરાય કનૈયાલાલ શાહ છે. ૨૦૦૬માં 'ધ વીક' મેગેઝિને 'ગાંધી ઓફ ભાવનગર' તરીકે એમને નવાજ્યા હતા. એ ઉપરાંત અનેક એવોર્ડ અને સન્માન એમને મળ્યાં છે, પણ દિવ્યાંગ બાળકના ચહેરા પરનું સ્મિત એમના માટે સૌથી મોટો પુરસ્કાર છે.

આ ભેખધારીના વડપણ અને માર્ગદર્શન હેઠળ દિવ્યાંગો માટે અદ્દભૂત કામ થાય છે. અંધજનો માટે શાળા, બહેરાં-મૂંગા શાળા, સેરેબ્રલ પાલ્સી સ્કૂલ, ઓટિઝમ સ્કૂલ, મંદબુધ્ધિના બાળકો માટેની વિશેષ શાળા, અર્લી ઈન્ટરવેન્શન અને પ્રિવેન્શન, હેન્ડિકેપ રિહેબિલિટી સેન્ટર, એ.ટી.એન્ડ ટી. ટેકનોલોજી ઈન્સ્ટિટયુટ, સ્લો-લર્નર પ્રોજેક્ટ, દિવ્યાંગો માટેના વિશેષ શિક્ષકો તૈયાર કરવાની કોલેજ, ઉપરાંત વિકલાંગ બાળકો તથા સામાન્ય નાગરિકો માટે પણ આધુનિક સર્જરીની સુવિધા સાથેની હોસ્પિટલ, એમની દેખરેખ હેઠળ ચાલી રહી છે. કોઈ એક છત્ર હેઠળ દિવ્યાંગો માટે આટલી પ્રવૃત્તિ થતી હોય એવી કદાચ આ એકમાત્ર સંસ્થા છે, માટે જ ભારત સરકારે આ સંસ્થાને દેશની સૌથી મોટી સંસ્થા કહી છે. 'ઓટલા' પરથી શરૂ થયેલી એક નાનકડી સંસ્થા, આજે વટવૃક્ષ બની છે એમાં કાર્યકરો, દાતાઓનો સહયોગ તો હોય જ, પરંતુ બાબાભાઈ એક કાર્યકર બનીને સતત સંસ્થાનું કામ કરે છે. નોકરી મુકી, સેવા માટે ભેખ લેનારા આ વડીલ ૭ એપ્રિલ, ૨૦૨૪ના ૮૯ વર્ષ પૂર્ણ કરી રહ્યા છે અને એ કહે છે. "ઈશ્વર જયાં સુધી દિવ્યાંગોનું કામ કરાવશે ત્યાં સુધી કરીશું. હું તો નિમિત્ત માત્ર છું. બાકી તો ઈશ્વરકૃપા અને સમગ્ર ટીમના સહયોગથી આ બધું થાય છે."

**સૌજન્ય : ચિત્રલેખા**

# ફનટોપિયા એક્ઝિબિશન




તા. ૨૩-૩ અને ૨૪-૩ બે દિવસ સ્મોલ વન્ડર સ્કૂલમાં **ફનટોપિયા એક્ઝિબિશન** હોવાથી આપણી સંસ્થાના દિવ્યાંગ બાળકો અને જરૂરિયાતમંદ બહેનો દ્વારા બનાવેલ વિવિધ પ્રકારની વસ્તુઓનું પ્રદર્શન અને વેચાણ માટે સ્ટોલ ગોઠવવામાં આવ્યો હતો. જેમાં શ્રી લાલજીભાઈ, શ્રી શીતલબેન, શ્રી રીનાબેન, શ્રી હર્ષાબેન, શ્રી રેણુકાબેન તથા શ્રી મેહુલભાઈએ ભારે જહેમત ઉઠાવી સ્ટોલ પર સેવા આપી હતી.

# PNR સોસાયટી ખાતે વિશ્વ પાર્કિન્સન્સ દિવસના મહોત્સવની ઉજવણી રંગેચંગે સંપન્ન

## 'આઈ સપોર્ટ પાર્કિન્સન્સ'



BKPPDMDS, મુંબઈ અને ભાવનગરની PNR સોસાયટીના સંયુકત ઉપક્રમે નટરાજ કોલેજ કેમ્પસ, ઓડિટોરિયમ ખાતે તા. ૨૫ એપ્રિલ ગુરૂવારના રોજ ભાવનગરમાં ચાલતા પાર્કિન્સન્સ ડિસીઝ સપોર્ટ ગ્રુપ દ્વારા **વિશ્વ પાર્કિન્સન્સ દિવસના મહોત્સવ**ની ઉજવણી હર્ષોલ્લાસથી કરવામાં આવી હતી.

OSD શ્રી કે. ડી. પડિયા સાહેબ દ્વારા પ્રારંભમાં દસેક વર્ષથી નિયમિત ગતિમાન થઈ રહેલી આ વરિષ્ઠોની અક્ષમતાને સ્વીકારી, સેલિબ્રેશનમાં પ્રવૃત્ત કરવાની પ્રવૃત્તિનો પરિચય આપતા સર્વેનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. યુવા વરિષ્ઠ શ્રી ગૌતમભાઈ ગજ્જર દ્વારા પ્રભુ પ્રાર્થના બાદ, ચિફ ગેસ્ટ અને સંસ્થાના માનદ મંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડ, ટ્રેઝરર અને ગેસ્ટ ઓફ ઓનર શ્રી હર્ષકાન્તભાઈ રાખશિયાને પૂષ્પગુચ્છ અર્પણ કરી, સ્વાગત કર્યા બાદ મંચસ્થ મહાનુભાવોના વરદ હસ્તે દીપ પ્રાકટય કરવામાં આવેલ હતું. મહેમાનાશ્રીઓએ પોતાના વકતવ્યમાં PNR સંસ્થાની વિગતો આપી આ પ્રોજેકટ દ્વારા થતી સાતત્ય પૂર્ણ કામગીરીને બીરદાવી હતી. BKPPDMDS મેમ્બર્સએ તૈયાર કરેલ મનોરંજક આઈટમ 'મોતી વેરાણા', 'જોક્સ', 'જીતેંગે' ડાન્સ રજૂ કરી બધાને મોજમાં લાવી લીધા હતા. ડૉ. અમિત મિત્રાએ આભારવિધિ તથા ડૉ. ચાંદનીબેન લાખાણી તથા ડૉ. દિશાબેન ચૌહાણ દ્વારા કાર્યક્રમનું સંકલન કરવામાં આવેલ હતું. લાભાર્થીઓને ધન્યવાદ પૂર્ણ અભિપ્રાય રજૂ કરેલ હતા. ડૉ. ભાવિનભાઈ માંડવિયાની જહેમતથી જ આ કાર્યક્રમને ચાર ચાંદ લાગી ગયેલ હતા.

# દિવ્યાંગ મતદાતા જાગૃતિ કાર્યક્રમ યોજાયો

જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીના માર્ગદર્શનથી આગામી લોકસભા ચૂંટણી-૨૦૨૪ માં તમામ દિવ્યાંગ મતદાતાઓ ઉલટભેર ભાગ લઈ શકે તેવી એકસેસિબલ (અવરોધ મુકત) વ્યવસ્થા મળે તે માટે ચૂંટણી પંચ દ્વારા **સક્ષમ** એપ લોન્ચ કરવામાં આવેલ છે જે થકી દિવ્યાંગ મતદાતા માર્કિંગ, વાહન, વ્હીલચેર, રેમ્પ, મથક-ઉમેદવાર ઓળખ, ઘર બેઠા પોસ્ટલ બેલેટ જેવી અનેકવિધ સુવિધાઓથી દિવ્યાંગ મતદાતાઓને અવગત કરવાના ઉમદા હેતુસર જિલ્લા ચૂંટણી અધિકારીના માર્ગદર્શન હેઠળ, PWD નોડલ અધિકારી સહ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી તથા જિલ્લા દિવ્યાંગ નોડલ સંસ્થા શ્રી શાહ ખી.લ.બહેરાં-મૂંગા શાળા, તેમજ અપંગ પરિવાર કલ્યાણ કેન્દ્ર, વિકલાંગ ક્રાંતિ સંગઠન, પાર્થ યુવા મંડળના સંયુકત ઉપક્રમે બહેરાં-મૂંગા શાળા ખાતે **દિવ્યાંગ મતદાન જાગૃતિ અભિયાન કાર્યક્રમ**નું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમની શરૂઆતમાં શ્રી સૂયર્કાન્તભાઈ ચાવડાએ મહેમાનોનું શાબ્દિક સ્વાગત કરી મતદાનનું મહત્વ તથા દિવ્યાંગ મતદારો સક્ષમ એપ્લિકેશનનો કેવી રીતે ઉપયોગ કરી, પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે અને અવશ્ય મતદાન કરે, તે સંદર્ભમાં સુંદર માહિતી પૂરી પાડી હતી. આ કાર્યક્રમમાં બૌધ્ધિક અક્ષમતા, બધિર, મગજના લકવાગ્રસ્ત, પ્રજ્ઞાચક્ષુ તથા શારીરિક દિવ્યાંગ મતદાતાઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેલ.પ્રોબેશન અધિકારી શ્રી પ્રદીપસિંહ ગોહિલ, દિવ્યાંગ સંસ્થા સંચાલકો સર્વ શ્રી મનસુખભાઈ, શ્રી નરેશભાઈ, શ્રી મેહુલભાઈ, શ્રી ઈલાબેન વિગેરે આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલ. તેમજ આ સૌ એ પ્રસંગોચિત પ્રવચન કરેલ તથા સાઈન લેંગ્વેજ ઈન્ટર પ્રિટર તરીકે શ્રી ધ્રુવીબેને સેવા આપી હતી. આભારવિધિ શ્રી શૈલેષભાઈ દવેએ કરેલ.



# નટરાજ મગજના લકવાગ્રસ્ત (સેરિબ્રલ પાલ્સી) બાળકોની શાળા



✍ વિભૂતિ વ્યાસ

**સ્કૂલ મેનેજમેન્ટ મિટીંગ (S.M.C.) :**

તા. ૧૯ માર્ચ `૨૪ના રોજ સી.પી. સ્કૂલ મેનેજમેન્ટ કમિટી(S.M.C.)ની મિટીંગનું આયોજન કોન્ફરન્સ હોલ ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં સંસ્થાના માનદ મંત્રી તેમજ કમિટીના ચેરમેન શ્રી કિરીટભાઈ રાઠોડના અધ્યક્ષ સ્થાને મિટીંગ બોલાવવામાં આવી હતી, જે અંતર્ગત અનેક વિકાસલક્ષી મુદ્દાઓની ચર્ચા કરવામાં આવી હતી જેમકે સેરેબ્રલ પાલ્સી અવેરનેસ મંથ, નવા બાળકોના સર્વે અંગે ચર્ચા, નવા સત્રથી વધુ સેફટી સાથે મેજીક વાનની વ્યવસ્થા કરવા અંગે, વાલીઓ માટે તાલીમ શરૂ કરવા અંગે માર્ગદર્શન, વાર્ષિક મૂલ્યાંકન આયોજન સાથે સમરકેમ્પ તથા રિક્રિએશનલ એક્ટિવિટી માટે શાળા બિલ્ડીંગમાં સાફ-સફાઈ અને પાણી પ્રશ્ને વિચારણા થઈ હતી. જેમાં સંસ્થાના સેક્રેટરી જનરલ શ્રી પારસભાઈ શાહ, આચાર્યશ્રી જીજ્ઞાબેન સોલંકી તથા S.M.C. ના સભ્યશ્રીઓ હાજર રહયા હતા. મિટીંગનું સંકલન શ્રી જયોતિબેન પરમારે કર્યું હતું.

**ધૂળેટીની ઉજવણી :**

"કૃષ્ણની બહાર ચાલી, પિચકારીમાંથી ઉડયો છે
ગુલાલ રંગ, વચ્ચે ભૂરા લીલા લાલ"

તા. ૨૩ માર્ચ `૨૪ના રોજ આનંદ ઉત્સાહ સાથે **ધૂળેટીની ભવ્ય ઉજવણી** કરવામાં આવી. જેમાં સી.પી. બાળકો એક બીજાને કંકુ ગુલાલની સાથે સમાનતા, આત્મિયતા, નિર્દોષ લાગણીના રંગ લગાવી ધૂળેટીનો આનંદ માણેલ.

**કરાટે - ટાઈકવોન્ડો :**

આપણી સંસ્થાના સી.પી. બાળકો, જે ઉભા રહેવા તથા હલન-ચલન સાથે બેલેન્સ જાળવી શકે છે. તેવા વિદ્યાર્થીઓને હાલ કરાટે, તેમજ ટાઈકવોન્ડો જેવી માર્શલ આર્ટની તાલીમ શરૂ કરવામાં આવી છે.

બાળકોના સર્વાંગી વિકાસનાં ભાગ રૂપે કરાટે - ટાઈકવોન્ડો જેવી કોઈ પણ માર્શલ આર્ટસની તાલીમથી વિદ્યાર્થીઓનો શારીરિક તેમજ માનસિક વિકાસ થાય છે. અલગ - અલગ એકસરસાઈઝથી વિદ્યાર્થીઓના મસલ્સ, એકટિવ અને મજબૂત થાય છે તેમજ બેલેન્સમાં સુધાર થાય છે. નિર્ણય શક્તિ અને સમજણ શક્તિનો ઝડપી વિકાસ થાય છે. તેમજ અલગ - અલગ દાવ યાદ રાખવાના હોવાથી યાદ શક્તિ અને એકાગ્રતામાં વધારો થાય છે. હાલ ૨૦ બાળકો કરાટે તાલીમ લઈ સફળતા પ્રાપ્ત કરી રહયા છે.

**વર્લ્ડ ઓટિઝમ અવેરનેસ પ્રોગ્રામ :**



તા. ૨ એપ્રિલ `૨૪ના રોજ **વર્લ્ડ ઓટિઝમ અવેરનેસ ડે** નું આયોજન કરવામાં આવેલ. પી.એન.આર. સોસાયટી સંચાલિત કે.એન.શાહ ઓટિઝમ સ્કૂલ અને પ્રોજેકટમાં હાલ ૫૦ જેટલા બાળકો સારવાર લઈ રહયા છે. તેનાં અંતર્ગત સંસ્થામાં ત્રિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ, જેમાં ૧૦-૧૦ બાળકોના જૂથ બનાવી વિવિધ ગેમ્સ અને ક્વિઝ રમાડવામાં આવેલ. જેમાં ૧૦ બાળકોની એક ટૂકડી સ્મોલ વંડર પ્લેહાઉસમાં અવેરનેસના ભાગ રૂપે મોકલવામાં આવી, ત્યાં ખાસ આ બાળકો માટે ચિત્ર સ્પર્ધા, રંગ પૂરણી, પપેટ શો, સ્ટોરી ટેલિંગ જેવી મનોરંજક પ્રવૃત્તિઓ કરાવવામાં આવી, સાથે હેલ્થી નાસ્તો પણ આપવામાં આવેલ. સંસ્થામાં વાલીઓ માટે ઓકયુપેશનલ થેરાપી, સ્પિચ થેરાપી અને સ્પેશ્યલ એજ્યુકેશન વિષય પર વર્કશોપનું આયોજન કરવામાં આવેલ, જેમાં તજજ્ઞ તરીકે ડો. પ્રવીણ દેશમુખ, ડો. અંબર ગુપ્તા અને આચાર્યશ્રી જીજ્ઞાબેન સોલંકી દ્વારા માર્ગદર્શન અને વાલીઓને મુંઝવતા પ્રશ્નોની ચર્ચા કરવામાં આવેલ. અને ખાસ રિફ્રેશીંગ માટે અંતાક્ષરીનું સુંદર આયોજન કરવામા આવ્યું હતું અને અંતમાં વોકેશનલ વિભાગ દ્વારા પેઈન્ટિંગ, વોકેશનલ એકટિવિટીઝ, ગાર્ડનિંગ, હાઈડ્રોથેરાપી જેવી પ્રવૃત્તિઓ કરવામાં આવી હતી. સાથે સાંસ્કૃતિક કૃતિઓ પણ રજૂ કરવામાં આવેલ, જેમાં ઓટિઝમ સ્કૂલમાં  નાના ભૂલકાંઓ દ્વારા "અવધ વધ"

નાટિકાની સુંદર પ્રસ્તુતી કરી હતી, સાથે વાલીશ્રીઓએ પ્રતિભાવો પણ આપ્યા હતાં.

આ કાર્યક્રમમાં શ્રી બાબાભાઈ , સેક્રેટરી જનરલ શ્રી પારસભાઈ શાહ, માનદ્દમંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડ, ટ્રેઝરર શ્રી એચ.પી. રાખશિયા, પરમાર્થ ફાઉન્ડેશનના શ્રી બીપીનભાઈ શાહની ઉપસ્થિતિ સાથે,તેઓના હસ્તે દિવ્યાંગ બાળકોને ફૂલપાંદડી સેટ, ટીચિંગ એજ્યુકેશન કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું સંચાલન શ્રી જીજ્ઞાબેન સોલંકીના માર્ગદર્શન હેઠળ ઓટિઝમ સ્કૂલ સ્ટાફ તથા સી.પી. સ્કૂલ સ્ટાફ દ્વારા કરવામાં આવ્યું હતું.

**વાલી મિટીંગ :**

તા. ૬ એપ્રિલ'૨૪ના રોજ વાલી મિટીંગનું આયોજન કરવામાં આવ્યું. જેના અંતર્ગત વાર્ષિક મુલ્યાંકન, સમર કેમ્પ, ઉનાળુ વેકેશન, અસાઈમેન્ટ, બાળકોની નિયમીત હાજરી, નવા સત્રનું શૈક્ષણિક આયોજન, સી.પી. ખેલ મહાકુંભ, વાલી તાલીમ વગેરે મુદ્દાઓ પર જીજ્ઞાબેન સોલંકીએ વાલીશ્રીઓને માહિતી અને માર્ગદર્શન પૂરૂં પાડયું હતું.

**તિથિ ભોજન :**



તા. ૧૮ એપ્રિલ'૨૪ના રોજ નટરાજ સી.પી. સ્કૂલનાં મદદનીશ શિક્ષક શ્રી તૃપ્તિબેન કિરીટભાઈ મહેતાના માતૃશ્રી શ્રીમતી ઈન્દમતીબેન કિરીટભાઈ મહેતાની ચૌદ (૧૪)મી પુણ્યતિથિ નિમીત્તે દર વર્ષની માફક આ વર્ષે પણ તેઓના પરિવાર તરફથી નટરાજ સી.પી. સ્કૂલ, દિશા કમ વિકાસ પ્રોજેકટ, ઓટિઝમ પ્રોજેકટ અને સ્કૂલ એમ કુલ ૧૦૦ લોકોને લાઈવ ટેસ્ટી ઢોસા સાથે આઈસ્ક્રીમનું સ્વાદિષ્ટ ભોજન કરાવવામાં આવેલ. આ ભોજનથી બાળકો ખૂબ આનંદિત અને તૃપ્ત થયાં હતાં.

**ફિઝીયોથેરાપી તપાસ કેમ્પ :**

નટરાજ સી.પી. સ્કૂલમાં ચાલતા, **જેરી જી. જહોન વેલ બેબી ક્લિનીક** અંતર્ગત તા. ૬/૪ ના રોજ બાળકોથી વયોવૃધ્ધ સુધીના કોઈપણ હાડકા તથા સ્નાયુઓના દુ:ખાવા, હલનચલન સબંધિત તકલીફો ધરાવતા દર્દીઓ માટે ઓર્થોપેડિક તપાસ અને ફિઝયોથેરાપી સારવારનો તપાસ કેમ્પ યોજાઈ ગયો. જેમાં ઓર્થોપેડિક સર્જન ડૉ. નિમેષ દવે તથા સંસ્થાના ફિઝિયોથેરાપીસ્ટની ટીમમાં ડૉ.દ્રષ્ટિ ભટ્ટ, ડૉ. કૃણાલ મિસ્ત્રિ, ડૉ. આયુષી ત્રિવેદી તથા ડૉ. વિધિ વાકાણીએ સી.પી. સ્કૂલના ૬ દર્દી ઉપરાંત ૯ નવા દર્દીઓને તપાસ કરી સારવાર આપી હતી. આ કેમ્પ નિમિત્તે અદ્યતન સાધનો સાથેનો એડલ્ટ ફિઝિયોથેરાપી વિભાગ સંસ્થાના સ્થાપક ટ્રસ્ટી શ્રી અનંતભાઈ કે. શાહના હસ્તે રિબિન કાપી તથા દિપ પ્રાગટય દ્વારા ખુલ્લો મુકાયો હતો. આ કેમ્પ નિસ્બત ફાઉન્ડેશન દ્વારા સ્પોન્સર કરાયો હતો. કાર્યક્રમનું આયોજન તથા સંકલન જીજ્ઞાબેન સોલંકીએ કર્યું હતું.

**ડૉ. આઈ. બી. સરધારવાલા ઓડિયોલોજી અને સ્પિચ થેરાપી કોર્પસ ફંડ :**

તા. ૨૧ એપ્રિલ'૨૪ના રોજ ડૉ. આઈ. બી. સરધારવાલા ઓડિયોલોજી અને સ્પિચ કિલનિકમાં કાનની તપાસ તથા હિયરીંગ એઈડ ટ્રાયલ તથા ઓડિટરી તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નટરાજ સી.પી. સ્કૂલના ૨ વિદ્યાર્થીઓ ઉપરાંત ૧૪ નવા દર્દીઓએ આ કેમ્પનો લાભ લીધો હતો. જેમાં ડૉ. અંબર ગુપ્તા (ઓડિયોલોજીસ્ટ એન્ડ સ્પિચથેરાપીસ્ટ) તથા ડી.એડ. એચ.આઈ. ના સ્પે. એજ્યુકેટર્સ અને સંસ્થાના ડી.એસ.ઈ., એમ.ડી. ના દ્વિતીય વર્ષના તાલીમાર્થીઓએ દર્દીને તપાસ તથા સારવાર માર્ગદર્શન પૂરું પાડયું હતું. કેમ્પનું આયોજન જિજ્ઞાબેન સોલંકી તથા સંકલન ડૉ. અંબર ગુપ્તાએ કરેલ હતું.

**સી.પી. અવેરનેસ મંથ અને વર્લ્ડ એપિલેપ્સી અવેરનેસ ડે :**



તા. ૨૬ એપ્રિલ'૨૪ના રોજ સી.પી. અવેરનેસ મંથ સાથે એપિલેપ્સી અવેરનેસ ડે નું આયોજન કરવામાં આવ્યું હતું. જેના અંતર્ગત ક્રમશ ત્રિવિધ કાર્યક્રમો યોજાયા હતાં. જેમાં પ્રથમ શાળાના મદદનીશ શિક્ષક શ્રી તૃપ્તીબેન મહેતા અને શ્રી ખેવનાબેન ઓઝા દ્વારા પોસ્ટર પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યું હતું. ફિઝીયોથેરાપીસ્ટ ટીમ ક્રમશઃ ડૉ. દ્રષ્ટિબેન ભટ્ટ, ડૉ. વિધિબેન વંકાણી, ડૉ. આયુષીબેન ત્રિવેદી દ્વારા PPT ના માધ્યમથી માર્ગદર્શન પૂરું પાડયું હતું. સંસ્થાના સેક્રેટરી જનરલ શ્રી પારસભાઈ શાહ દ્વારા પ્રસંગોચિત ઉદ્દબોધન અને શુભેચ્છા પાઠવવામાં આવી હતી. ધો. ૧ થી ૮ ધોરણના બાળકો માટે એક મિનીટની ગેમ્સનું આયોજન કરવામાં આવ્યું હતું. ધો. ૭ ના વિદ્યાર્થી કેવલ સોલંકી દ્વારા 'હમ હોંગે કામયાબ' ગીત રજૂ કરવામાં આવ્યું હતું. ડૉ. નિતીશ વોરા (પિડીયાટ્રિક ન્યુરોલોજીસ્ટ LCNC, અમદાવાદ) દ્વારા PPT ના માધ્યમથી એપિલેપ્સી વિશે વિસ્તારથી માર્ગદર્શન અને સરળ સમજૂતી આપવામાં આવી હતી. સંસ્થાના માનદ મંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડ દ્વારા પ્રસંગોચિત ઉદ્દબોધન અને સેરેબ્રલ પાલ્સી બાળકો વિશે સુંદર માહિતનું આદાન-પ્રદાન કરેલ. કાર્યક્રમના અંતે આભારવિધિ શ્રી વરૂણભાઈ વ્યાસે કરેલ તથા કાર્યક્રમનું સંચાલન શાળાના આચાર્ય શ્રી જીજ્ઞાબેન સોલંકી દ્વારા કરવામાં આવેલ.

# ડિપ્લોમા ઈન સ્પેશ્યલ એજ્યુકેશનલ (DSE. M.D.)



દિવ્યાબેન પટોરિયા


**વિશ્વ ઓટિઝમ જાગૃક્તા દિવસની ઉજવણી :**



વિશ્વ ઓટિઝમ જાગૃકતા દિવસ, ૨જી એપ્રિલ ૨૦૨૪ ના રોજ નારી ગામની જગદેશ્વરાનંદ પ્રાથમિક શાળામાં પી.એન.આર. સોસાયટી સંચાલિત ટીચર્સ ટ્રેનિંગ કોલેજ (મલ્ટિપલ ડિસેબિલિટી)ના ૧૦ તાલીમાર્થીઓ દ્વારા ઉજવવામાં આવેલ હતો. જેમાં શાળાના પ્રિન્સિપાલ શ્રી હિતેનભાઈ પુરોહિત અને શિક્ષક કિશોરસિંહ ગોહિલના સાથ-સહકારથી શાળાના બાળકોને ઓટિઝમ બાળકો વિશેની માહિતી આપેલ. તેમજ છોકરીઓને અગાઉથી જ રૂબેલા રસીકરણના મહત્વ વિશે માહિતી આપેલ. ટીચર્સ ટ્રેનિંગ કોલેજ (મલ્ટિપલ ડિસેબિલિટી)ના તાલીમાર્થીઓએ પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા ઓટિઝમ અંગેની માહિતી આપેલ. સાયકોલોજીસ્ટ શ્રી દિવ્યાબેન પટોરિયા દ્વારા ઓટિઝમ અંગે પ્રવર્તતી માન્યતાઓ, પૂર્વગ્રહો અને થતી માનસિક બીમારીઓ વિશેની માહિતી આપેલ હતી.



# કે. એન. શાહ 'હાઈટેક' ઈન્કલુઝિવ સ્કૂલ



ધીરુભાઈ ધંધુકિયા

**રેડક્રોસ સ્ટેટ બ્રાન્ચ, રાજ્ય કક્ષાના પ્રમાણપત્ર તેમજ બેઈઝ આપી સન્માનિત કરવામાં આવ્યાં. :**



સ્કૂલમાં તા. ૧૯-૩ ના રોજ **ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી** અંતર્ગત શાળામાં અભ્યાસ કરતા જુનિયર રેડક્રોસ યુનિટના કુલ ૫૪ બાળકોને, રેડક્રોસ સ્ટેટ બ્રાન્ચ રાજય કક્ષાના **પ્રમાણપત્ર** તેમજ બેઈઝ આપી સન્માનિત કરવામાં આવ્યાં હતાં. શાળાના આચાર્યશ્રી હિતેનકુમાર પંડયાએ આ તમામ બાળકોને રેડક્રોસ ચાર પ્રકારના મહત્વપૂર્ણ કાર્ય કરે છે તેની માહિતી આપી જેમાં આપત્તિઓમાં પ્રતિક્રિયા આપવી, માનવ મૂલ્યોના સિધ્ધાંતોને સમર્થન, આપત્તિમાં તાત્કાલિક મદદ કરવી અને આપત્તિમાં હેલ્થ કેર માટે હંમેશા તૈયાર રહેવું, તે અંગેનું માર્ગદર્શન આપ્યું. તેમજ મોટા થઈને સમાજ સેવક અને ડૉક્ટર બનીને દર્દીઓની સેવા કરતા રહો તેવા શુભાશિષ પાઠવેલ.

**'વિશ્વ જળ દિવસ' ની ઉજવણી :**

સ્કૂલમાં તા. ૨૨-૩ ના રોજ 'વિજ્ઞાન જળ દિવસ' અંતર્ગત **સ્લોગન સ્પર્ધા**નું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં ધો. ૫ થી ૮ ના તમામ વિદ્યાર્થીઓએ ખૂબ જ ઉત્સાહભેર ભાગ લઈ સુંદર સ્લોગનો લખ્યાં હતાં. શાળાના શિક્ષક શ્રી દક્ષાબેન પંડયા દ્વારા બાળકોને 'પાણીનો યોગ્ય રીતે ઉપયોગ કરીશું અને અન્ય લોકોની પાસે પણ કરાવીશું,' તેવી પ્રતિજ્ઞા પણ લેવડાવી હતી. 'જળ એ જ જીવન' વિશેની રસપ્રદ માહિતી આપવામાં આવેલ. આ દિવસ ઉજવવા પાછળનો હેતુ લોકોને પાણી બચાવવા માટે પ્રેરણા આપવાનો, જળનું મહત્વ સમજાવવાનો, તેમજ જળને વેડફાતું અટકાવવાનો છે. વર્તમાન સમયમાં જળ સમસ્યા દિનબદિન વિકટ સ્વરૂપ ધારણ કરી રહી છે, ત્યારે જળ વ્યવસ્થાપન પણ યોગ્ય રીતે થાય તે મહત્વનું છે. પાણીની આપણા જીવનમાં જરૂરિયાત, તાજા પાણીના સંરક્ષણ અને તેના મહત્વ વિશે જાગૃતિ લાવવા માટે એક દિવસ અલગ રાખવો જોઈએ; આ બધી જ બાબતનો વિગતવાર ખ્યાલ આપવામાં આવ્યો હતો.

**'ધૂળેટી પર્વ' ની ઉજવણી :**

સ્કૂલમાં તા. ૨૩-૩ ના રોજ **'ધૂળેટી પર્વ' ની ઉજવણી**



કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં બાલમંદિરના ભૂલકાઓએ રંગબેરંગી કલર દ્વારા હાથના પંજાની છાપ પાડેલ અને તિલક કરી હોળી પર્વની ઉત્સાહભેર ઉજવણી કરી હતી. ફાગણ સુદ પૂનમના દિવસે હોળી પર્વની ઉજવણી કરવામાં આવે છે, તેના મહત્વ અને તેની સાથે જોડાયેલ હોલિકા અને પ્રહલાદની પૌરાણિક કથા શ્રી દક્ષાબેન પંડયાએ કરેલ. દરેક બાળકોએ ખૂબ જ આનંદ અને ઉત્સાહથી એકબીજા પર રંગ લગાવી, ધૂળેટી પર્વની મજા માણી હતી. આ કાર્યક્રમનું આયોજન શ્રી હિનાબેન તથા શ્રી પ્રિયાંશીબેન દ્વારા કરવામાં આવ્યું હતું.

**માહિતી સેમિનારનું આયોજન કરવામાં આવેલ :**



સ્કૂલમાં તા. ૨૩-૩ ના રોજ ધો. ૧૦ અને ૧૨ પછી શું ? તે વિશે વિદ્યાર્થીઓની ઉજ્જવળ કારકિર્દી માટે માહિતી સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. હાલ બોર્ડની પરીક્ષા પૂર્ણ થયેલ છે, ત્યારે ધો. ૧૦ અને ધો. ૧૨ માંથી પાસ થઈને બાળકોએ શું કરવું, તે બાબતની મૂંજવણ હોય છે, તો યોગ્ય ક્ષેત્ર પસંદ કરીને કઈ રીતે આગળ વધવું, એ બાબતની જાણકારી આપવામાં આવેલ. શાળાના આચાર્યશ્રી હિતેનકુમાર પંડયાએ ધો. ૧૦ અને ધો. ૧૨ પછી યોગ્ય સ્ટ્રીમની પસંદગી કરવા માટે માર્ગ બતાવેલ. જે વિદ્યાર્થીઓ લાંબો અભ્યાસ નથી કરવા માંગતા તે ધો. ૧૦ પછી પ્રોફેશનલ કોર્સ પણ કરી શકે છે, તેની માહિતી આપી હતી. વિદ્યાર્થીઓને તેમના જીવનની કારકિર્દી બનાવવા માટે કેવી રીતે આગળ વધવું ? કયાં-કયાં કોર્સ કરી જીવનમાં આગળ વધી શકાય ? કયાં ક્ષેત્રમાં કેવી રીતે સફળ બની શકાય ? તેમજ જીવનમાં પોતાનો એક ધ્યેય સિધ્ધ કરવા માટે કઈ રીતે મહેનત કરવી તે તમામ બાબતનું માર્ગદર્શન આપ્યું હતું. તેમજ PPT દ્વારા શાળામાં થતી પ્રવૃત્તિ અને સંસ્થાનો પરિચય પણ કરાવેલ. ધો. ૧૦ પછી સાયન્સ પ્રવાહ માટે ખાસ બાળકોને પ્રેરિત કરેલ અને ઉત્તમ સુવિધાયુકત હોસ્ટેલ વિશે પણ ટૂંકમાં ચર્ચા થયેલ.

**વાર્ષિક ઈનામ વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ :**




સ્કૂલમાં તા. ૩૦-૩ ના રોજ **વાર્ષિક ઈનામ વિતરણ કાર્યક્રમ**નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વર્ષ દરમિયાન શાળા કક્ષાએ, જિલ્લા કક્ષાએ, રાજ્ય કક્ષાએ અલગ-અલગ પ્રવૃત્તિઓ અને સ્પર્ધાઓમાં સિધ્ધિ પ્રાપ્ત કરતા ધો. ૧ થી ૧૨ ના કુલ ૨૫ થી વધુ વિદ્યાર્થીઓને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યાં હતાં. વિદ્યાર્થીઓમાં દરેક પ્રવૃત્તિ અને સ્પર્ધામાં ભાગ લેવા માટે રસ-રુચિ જાગે અને તેનામાં રહેલી આવડત, કલા, કૌશલ્ય બહાર લાવી શકાય તે હેતુથી આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉપરાંત વિદ્યાર્થીઓ અભ્યાસની સાથે-સાથે તેનામાં રહેલી આંતરિક શક્તિઓને ઓળખી, તે ક્ષેત્રમાં આગળ પણ વધી શકે છે. શાળાના આચાર્યશ્રી હિતેનકુમાર પંડયાએ આ તમામ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપી શુભેચ્છાઓ પાઠવી હતી.



# દિશા ક્રમ વિકાસ પ્રોજેક્ટ

## દિવ્યાંગો માટે આશા કિરણ...

✍ અમિત મિત્રા



**રંગ ઉત્સવ - ધુળેટીની ઉજવણી :**

તા. ૨૩ માર્ચ ૨૪ના રોજ સી.પી. સ્કૂલ સાથે, દિશા ક્રમ વિકાસના વિદ્યાર્થીઓ દ્વારા **રંગ ઉત્સવની ઉજવણી** કરવામાં આવી હતી. જેમાં બાળકોએ કોઈ પણ જાતના ભેદભાવ વિના એકબીજાને રંગ લગાવી ઉત્સાહ અને આનંદથી ધૂળેટીની ઉજવણી કરી હતી.



# મુંબઈ ખાતે PNR ટ્રસ્ટીશ્રીઓનો ભવ્ય સન્માન સમારોહ-૨૦૨૪

## પૂજ્ય સ્વામી શ્રી પરમાત્માનંદજીનું વિધ્વતા પૂર્ણ પ્રવચન



✍ કિરીટ રાઠોડ


PNR સોસાયટી ભાવનગર દ્વારા તા. ૨૮-૪-૨૪ ના રોજ ઈમારા બેંકવેટ, મુંબઈ ખાતે શાનદાર સન્માન સમારોહનું આયોજન, આર્ષ વિદ્યાલય, રાજકોટના પૂજ્ય સ્વામી શ્રી પરમાત્માનંદજીના અધ્યક્ષ સ્થાને રાખવામાં આવ્યું હતું.

PNR ના ઈતિહાસમાં જે-જે મહાનુભાવોએ દિવ્યાંગોના શિક્ષણ, તાલીમ, સારવાર અને પુનર્વસન માટે સંસ્થાના વિકાસ, પ્રગતી માટે પોતાનું વિવિધ રીતે યોગદાન આપ્યું છે, તેવી દિવ્ય ચેતનાઓ અને વર્તમાનમાં જેઓ ટ્રસ્ટી તરીકે આ સેવા કાર્યમાં જોડાયેલા છે તેમને સન્માનિત કરવાના આ કાર્યક્રમમાં મંચ પર બિરાજમાન સ્વામી શ્રી પરમાત્માનંદજી, સંસ્થાના પ્રમુખ શ્રી ક્રિષ્ણકાંતભાઈ ચિત્તલિયા, ચેરમેન શ્રી નરેન્દ્રભાઈ શાહ, સંસ્થાના ફાઉન્ડર શ્રી બાબાભાઈ શાહ હતાં.

કાર્યક્રમની શરૂઆતમાં પ્રાર્થના બાદ, શ્રી બાબાભાઈએ સંસ્થામાં વિવિધ રીતે યોગદાન આપનાર દિવ્ય ચેતનાઓનું વ્યકિતત્વ અને સંસ્થામાં તેમના કાર્ય વિશે ટૂંકમાં જણાવી, તેમના પુત્રો-પૌત્રોને સ્વામીશ્રી પરમાત્માનંદજીના વરદ હસ્તે પૂષ્પગુચ્છ અને સ્મૃતિ ચિન્હ આપી સન્માનિત કરાયા હતા. ત્યારબાદ મુંબઈ અને ભાવનગર કમિટીમાં કાર્યરત ટ્રસ્ટીશ્રીઓને પણ સ્વામીજીના હસ્તે સન્માનિત કરાયા હતા.

આ પ્રસંગે શ્રી બાબાભાઈનું સ્વામીજીના હસ્તે **વિશિષ્ટ સન્માન** કરાયું હતું.

અધ્યક્ષસ્થાનેથી પોતાનું વિધ્વતાપૂર્ણ વકતવ્ય આપતા સ્વામીજીએ, કહ્યું હતું કે, ''સુખના વિવિધ પ્રકારો જેમ કે ખરીદીથી થતું સુખ, લાગણીનું સુખ, કોઈ વિશિષ્ટ પ્રાપ્તિનું સુખ અને આધ્યાત્મિક સુખની વાત જણાવી હતી. સામાન્ય રીતે બધીજ વ્યકિતઓ પોતે શ્રેષ્ઠ અને વિજેતા બનવા ઈચ્છે છે પરંતુ સમગ્ર વિશ્વમાં એક ગુરૂ, પોતાનો શિષ્ય પોતાનાથી સવાયો બને, અને બીજા માતા-પિતા પોતાના પુત્રથી પરાજીત થવાની ઈચ્છા રાખે છે. માનવ જીવનમાં **સિમ્પથી** એટલે કે સહાનુભૂતિ કરતા પણ **એમ્પથી** એટલે સમાનુભૂતિનું વધારે મહત્વ હોય છે.''



આ પ્રસંગે ચિ. આર્યના, ચિ. કાવ્યા અને શ્રીમતી હેમાબેન ઉદ્દેશીએ સંસ્થા પ્રત્યેના પોતાના પ્રતિભાવો આપ્યાં હતાં.

આ કાર્યક્રમનું સંચાલન ડૉ. કવિતાબેન શાહ અને શ્રી પારસભાઈ શાહે (સેક્રેટરી જનરલ) કર્યું હતું. કાર્યક્રમની આભારવિધિ માનદ મંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડે કરી હતી.

આ કાર્યક્રમને સફળ બનાવવા શ્રી પ્રકાશભાઈ દેસાઈની સાથે મુંબઈ ઓફિસ સ્ટાફ અને મુંબઈ કમિટીના સભ્યોએ ભારે જહેમત ઉઠાવી હતી. આ કાર્યક્રમમાં ટ્રસ્ટીશ્રી-દાતાશ્રીઓના પરિવારજનો અને ભાવનગરના ટ્રસ્ટીશ્રીઓ ખાસ ઉપસ્થિત રહી સમારોહની શોભા વધારી હતી.

## ઓટિઝમ સ્કૂલ માટે માતબર દાન

ભાવનગર માટે ગૌરવ લઈ શકાય તેવું, ગુજરાતની સૌ પ્રથમ ઓટિઝમ સ્કૂલ માટેનું રૂા. પાંચ કરોડનું માતબર દાન શ્રી કે.એન.શાહ ચેરિટેબલ ટ્રસ્ટ (મુંબઈ) દ્વારા PNR સોસાયટી ભાવનગરને જાહેર કરવામાં આવ્યું છે. આ ચેરિટેબલ ટ્રસ્ટના શ્રી નરેન્દ્રભાઈ શાહ તથા શ્રી રાજભાઈ શાહ અને તેમના પરિવારે, મુંબઈ ખાતેના સન્માન સમારોહમાં ''શ્રીમતી વિમળાબેન કાંતિલાલ શાહ (તળાજાવાળા) ઓટિઝમ સ્કૂલ'' ના નામકરણ માટે આ દાન જાહેર કર્યું છે. જેનો PNR ટ્રસ્ટી પરિવારે તાળીઓના ગડગડાટ સાથે સ્વિકાર કર્યો હતો. દાતા પરિવારને આ ઉદાત્ત કાર્ય માટે ખૂબ-ખૂબ અભિનંદન.

## મુંબઈ કમિટીનું સ્તુત્ય પગલું, પ્રસંશનિય કાર્ય.

મુંબઈ કમિટીના નીચેના છ સભ્યોએ રૂા. એક લાખની રકમ આપી, મુંબઈ ખાતે યોજાયેલા ભવ્ય સન્માન સમારોહને સ્પોન્સર્સ કરીને એ પ્રસંશનિય કાર્ય કર્યું છે, જે બિરદાવવા લાયક છે.

૧. શ્રી ક્રિષ્ણકાંતભાઈ ચિત્તલિયા - પ્રમુખશ્રી
૨. શ્રી વામનભાઈ પારેખ - ટ્રસ્ટીશ્રી
૩. શ્રી હર્ષદભાઈ શેઠ (ગલિયાકોટવાળા) - ટ્રસ્ટીશ્રી
૪. શ્રી હિતેનભાઈ દલાલ - ટ્રસ્ટીશ્રી
૫. શ્રી જીતુભાઈ મહેતા - ટ્રસ્ટીશ્રી
૬. હિન્દુસ્તાન પેન્સિલ્સ - મુંબઈ

**આ પ્રસંગે અન્ય દાતાઓએ જાહેર કરેલ દાન**

૧. રૂા. ૧૧,૦૦,૦૦૦/- લાખ શ્રી નિલેશભાઈ શશીભાઈ વાધર (બેંગ્લોર)
૨. રૂા. ૨,૦૦,૦૦૦/- લાખ કુ. મિતેશ અને નિરાયા શાહ (મુંબઈ) (શ્વેતાબેન નરેન્દ્રભાઈ શાહની પુત્રીઓ)
૩. રૂા. ૧,૫૧,૦૦૦/- લાખ શ્રી મિલન વિજયભાઈ શાહ (મુંબઈ)
૪. રૂા. ૧,૫૧,૦૦૦/- લાખ શ્રી રસેશભાઈ રસીકલાલ દોશી (મુંબઈ)

# મુંબઈ ખાતે સન્માન સમારોહમાં
# શ્રી બાબાભાઈનું વકતવ્ય



‘પરમ વંદનીય સ્વામીશ્રી પરમાત્માનંદજી, સંસ્થાના પ્રમુખ શ્રી કૃષ્ણકાંતભાઈ ચિત્તલિયા, ચેરમેન શ્રી નરેન્દ્રભાઈ શાહ, સંસ્થાના અન્ય ટ્રસ્ટીશ્રીઓ, ભાઈઓ-બહેનો અને યુવાન મિત્રો.

આજે ઘણા સમય પછી મુંબઈમાં આ રીતે આપણે મળી રહ્યા છીએ. નટવરભાઈ દર વર્ષે આવુ **ગેટ ટુ ગેધર** ગોઠવતા. તેમાં સંસ્થાની એકિટવિટી અને ફાયનાન્સ વગેરેની ચર્ચા થતી. એમણે શરૂ કરેલી આ પ્રથા બહુ સારી છે, કારણ કે આવા ગેટ ટુ ગેધરથી મેમ્બરોમાં મૈત્રી ભાવના વધે છે અને કૌટુંબીક સંબંધો મજબૂત થાય છે. આ આપણી સંસ્થા તેનું એક ઉત્તમ ઉદાહરણ છે. અને તેના કારણે જ છેલ્લાં ૭૦ વરસથી નિરંતર આપણી આ સંસ્થાઓ ચાલી રહી છે.

આપણી સંસ્થાની વિશેષતા એ છે કે આપણા ટ્રસ્ટી કે દાતા યોગદાન આપીને છૂટી જતા નથી, પરંતુ સંસ્થાને વળગી રહે છે. કહો કે સંસ્થામાં ચિટકીને બેસે છે.

સંસ્થામાં કે વ્યવસાયમાં તમે ચિટકીને બેસો નહીં તો તે ખોટના ખાડામાં જાય, એમ ગાંધીજી કહેતા. એનું એક દ્રષ્ટાંત મારે તમને કહેવુ છે. ગાંધીજીના મીઠાના સત્યાગ્રહમાં મુંબઈના એક ધનવાન પારસીની દીકરી જોડાયેલી. નામ મીઠીબેન પીટીટ. ઉંમર સોળ સત્તર વરસ. સત્યાગ્રહ પૂરો થયો. મીઠીબેનને સેવાનું ઘેલુ લાગી ગયું.

આદિવાસીના બાળકો, દલિતો, હરિજનો અને માનસિક બિમાર લોકોની સેવા કરવા તેણે મરોલીમાં **કસ્તુરબા આશ્રમ** બાંધવાનું નક્કી કર્યું અને ગાંધીજીને આશ્રમના ફાઉન્ડેશન સ્ટોન રોપવા વિનંતી કરી. ગાંધીજી કહે, “હું ફાઉન્ડેશન સ્ટોન તો રોપું, પણ આશ્રમ બની જશે, પછી એ ચલાવશે કોણ ? એ મને કહો.”, મીઠીબહેન કહે, “કેમ હું ચલાવીશ”.

ગાંધીજી કહે, “તારો શું ભરોસો ?, તું તો કરોડપતિની દીકરી છો, લગ્ન કરીને કાલે ચાલી જઈશ. આશ્રમ બંધ થઈ જશે. એવા આશ્રમનું ફાઉન્ડેશન મારે હાથે હું ન કરું.”

મીઠીબહેન કહે, “બાપુ તમે બહુ પાકા છો હો, ચાલો હું તમને વચન આપું છું કે હું જીવીશ ત્યાં સુધી અહીં ચીટકીને બેસીશ અને લગ્ન નહીં કરું.” પછી ગાંધીજીએ ફાઉન્ડેશનની વિધિ કરી. મીઠીબહેને વચન પાળ્યું. આશ્રમમાં ચીટકીને બેઠા. હમણાં ત્રાણુ-પંચાણુ વરસની ઉંમરે મીઠીબહેને આશ્રમમાં જ પ્રાણ છોડયો. આપણી સંસ્થાના ટ્રસ્ટીઓ પણ આમ ચીટકીને બેસે છે, શામજીકાકા, બાબુભાઈ, કાંતિભાઈ, નટવરભાઈ વિગેરે, કેટલાના નામ લઉં?

વળી આ ટ્રસ્ટીઓ સમયના દાન સાથે આર્થિક યોગદાન પણ કરતા રહે છે, તેનાથી સંસ્થાનો ઘણો ખરો નિભાવ થાય છે, અને બહારના ફંડ ઉપર ઓછો આધાર રાખવો પડે છે.

એટલુ જ નહીં પણ આપણા ટ્રસ્ટીઓ વિઝનરી પણ છે સમય આવે પોતાના પરિવારના સભ્યોને સંસ્થા સાથે જોડે છે. દેશમાં ભાગ્યે જ આવી કોઈ સંસ્થા હશે.

એટલે તો ધ વિક મેગેઝિને PNR સોસાયટીને વિકલાંગોની સેવા માટે **દેશનું હબ** કહ્યું છે અને ભારત સરકારે PNR ને **દેશની સૌથી મોટી સંસ્થા કીધી** છે.

આ સફળતાના શિખર સર કરવાનો ખરો યશ આપણા ટ્રસ્ટીઓને જાય છે. તેનું આપણને ગૌરવ છે.

આવા ડેડિકેટેડ-સમર્પિત સજ્જનોનું સન્માન કરવુ એ તંદુરસ્ત સમાજની નિશાની છે. આપણે આજે આવા પાસ્ટ અને પ્રેઝન્ટ ટ્રસ્ટીઓનું સન્માન કરીને તેમના પ્રત્યેનું ઋણ અદા કરીશું.

આવા-ડેડિકેટેડ ટ્રસ્ટીઓ આપણે ત્યાં ઘણાં છે, પરંતુ સમય ઓછો છે એટલે હું ફકત એક ટ્રસ્ટીની વાત કરીશ. આપણી મુંબઈ ઓફિસ PNR ની જીવાદોરી છે, એ તો તમે સૌ જાણો છો. કેટલાક સમય પહેલા તેની જવાબદારી ઉપાડવા નટવરભાઈએ પ્રકાશભાઈને આગ્રહ કર્યો હતો. પણ પ્રકાશભાઈને કોઈ રસ નહીં. તેમને તો આધ્યાત્મિક વાંચન, સંગીત અને કુદરતના સાનિધ્યમાં જીવન વ્યતીત કરવાનું મન મનાવી લીધું હતું.

પછી પ્રકાશભાઈને હું મળ્યો. બહુ સમજાવટ પછી બીજી વ્યવસ્થા થાય ત્યાં સુધી જવાબદારી લેવા તેઓ તૈયાર થયા. મેં કહ્યું, “એમ થીગડાં મારે સંસ્થા ચાલે નહીં. તમારે ચીટકીને બેસવું પડશે. સમયની આ ડિમાન્ડ છે.” પ્રકાશભાઈના હૃદયમાં અનુકંપા જાગી અને માની ગયા. પરિણામ આપણે સૌ જોઈએ છીએ.

આજે આપણે જયારે આપણા ટ્રસ્ટીઓનું સન્માન કરવા જઈ રહ્યા છીએ ત્યારે, યોગાનુયોગ જેમનું સન્માન થવા જઈ રહ્યું છે તેનું ફૂલ ફેમિલી-થર્ડ જનરેશન અહીં હાજર છે. તેમના ફાધર અને ગ્રાન્ડ ફાધર વગેરેએ હેન્ડિકેપ બાળકોના રીહેબિલિટેશન માટે કેવું અદ્દભૂત કામ કર્યું છે, તેઓ જાણી શકશે. આ જોઈને કોઈનામાં સંવેદના જાગે. સમાજે મને ઘણું આપ્યું, હવે મારે સમાજને કાંઈક પાછું વાળવું જોઈએ, એવો વિચાર પણ કોઈને આવે. આવું થાય ત્યારે તમારી આ પિતૃ સંસ્થાને યાદ કરજો.

યુવા મિત્રો, અમને તમારી પાસેથી ઘણી આશા છે.’

અસ્તુ. જય હિન્દ. જય ભારત.

# 'સમાજ રત્ન' પૂર્વ ટ્રસ્ટીશ્રીઓનું પૂ. સ્વામીશ્રી પરમાત્માનંદજીના વરદ્ હસ્તે મરણોત્તર સન્માન



**સ્વ. શામજીભાઈ માવજીભાઈ પારેખ**
'કાકા' એટલે આપણા 'ભિષ્મપિતામહ'. મુંબઈ કમિટીની સ્થાપના એમનું વિઝન. આ વિઝનથી આપણી સંસ્થાનું સર્જન થયું. તેમના **પૌત્ર ચિ. મિલિંદ અને ચિ. આશુતોષ** સન્માન સ્વીકારતા...



**સ્વ. કાંતિલાલ નારણદાસ શાહ**
કરૂણાના સાગર, દરિયાદિલ દાતા. જેમની ઉદાર સખાવતથી માતુશ્રી પરસનબેન નારણદાસ રામજી શાહ (તળાજાવાળા) PNR સોસાયટીનું નામ ગુંજતુ થયું. તેમના **પૌત્ર શ્રી રાહુલ શાહ, પૌત્રી શ્રી સ્વેતા** સન્માન સ્વીકારતા...



**સ્વ. ભાયદાસભાઈ જમનાદાસ સંઘવી**
એટલે બાબુભાઈ, નટરાજ કેમ્પસના સ્વપ્નદ્રષ્ટા, વિકલાંગ રીહેબિલિટેશનના પ્રખર હિમાયતી, ઉદારદિલ દાતા તેમના ગ્રાન્ડ **ચિલ્ડ્રન ભૌમિક, અંજલી, પારૂલ અને અમી** સન્માન સ્વીકારતા...



**સ્વ. શશીભાઈ આર. વાઘર**
મૂઠી ઉંચેરા માનવી, કરૂણાના સાગર. વર્ષો સુધી સંસ્થાઓનું નેતૃત્વ કર્યું. કૃત્રિમ સાધનોનું વર્કશોપ વગેરે એમની દેન છે. તેમના **પુત્ર ચિ. નિલેશ** સન્માન સ્વીકારતા...



**સ્વ. મફતલાલ મહેતા**
દરિદ્રનારાયણના હમદર્દ, વૈજ્ઞાનિક અભિગમ સાથે સમાજ સેવાના ભેખધારી, PNR માં સર જોન વિલ્સનને મનાવીને દોરી લાવ્યા અને **પ્રિવેન્શન ઈઝ બેટર ધેન** ક્યોરની આહલેખ જગાવી. તેમના **પૌત્ર શ્રી અશ્વિનભાઈ મહેતા** સન્માન સ્વીકારતા...



**સ્વ. પ્રવીણભાઈ દ્વારકાદાસ દલાલ**
બહેરાં-મૂંગાના ફંડ ડ્રાઈવ માટે, મુંબઈ કમિટીમાં શરૂઆતથી જ જોડાયા. શામજીકાકા સાથે ખભેખભા મિલાવી યોગદાન આપ્યું. તેમના **પુત્ર શ્રી હિતેનભાઈ** સન્માન સ્વીકારતા...

# ‘સમાજ રત્ન’ પૂર્વ ટ્રસ્ટીશ્રીઓનું પૂ. સ્વામીશ્રી પરમાત્માનંદજીના વરદ હસ્તે મરણોત્તર સન્માન



**સ્વ. નટવરભાઈ દેસાઈ**
નટવરભાઈએ **આપણા પ્રેરણામૂર્તિ PNR ની કમાન સંભાળી** અને અદ્દભૂત નેતૃત્વ પૂરું પાડયું. તેમના સમયમાં PNR અને સંલગ્નિત સંસ્થાઓ ખૂબ ફૂલી ફાલી. **શ્રી બિરાજભાઈ દેસાઈ અને ફાલ્ગુની** સન્માન સ્વીકારતા...



**સ્વ. કિશોરભાઈ સંઘવી**
બાબુભાઈ સંઘવીના જયેષ્ટ પુત્ર, પિતાની સાથે સમાજ સેવાના રંગે રંગાયેલા, એમની પૂણ્ય સ્મૃતિમાં PNR માં નટરાજ સેરેબ્રલ પાલ્સી બાળકોની શાળા કાર્યરત છે. **શ્રીમતી ભારતીબેન સંઘવી** સન્માન સ્વીકારતા...



**સ્વ. પ્રતાપરાય શામજીભાઈ પારેખ**
પત્ની રશ્મીબહેનની સાથે રહીને સંસ્થાઓની જરૂરિયાત પૂરી કરવા સારું યોગદાન કર્યું. લોઢાવાળા હોસ્પિટલમાં તેમના નામનું પોલિક્લિનીક કાર્યરત છે. **શ્રીમતી રશ્મીબહેન પારેખ અને પુત્રી કાનન** સન્માન સ્વીકારતા...



**સ્વ. રસીકભાઈ રતિલાલ દોશી**
શામજીકાકાના બિઝનેસ પાર્ટનર સ્વ. રતીભાઈ દોશીના પુત્ર, ઉદાર અને માયાળુ, માતૃશ્રી કમળાબેનનો ભાવનગરમાં આવેલો અતિકિંમતી પ્લોટ બહેરાં-મૂંગા શાળાને ગિફ્ટ કરી આપ્યો તેમના **પુત્ર શ્રી રસેશભાઈ દોશી અને શ્રી રાજેશભાઈ દોશી** સન્માન સ્વીકારતા...

# સંસ્થામાં અવિરત સેવા કરતા ટ્રસ્ટીશ્રીઓનું પૂ. સ્વામીશ્રી પરમાત્માનંદજીના વરદ હસ્તે સન્માન



**શ્રી કૃષ્ણકાંતભાઈ વી. ચિત્તલિયા**
સંસ્થાના પ્રમુખ અને દાતા. તેઓ શામજીકાકાની સાથે જ મુંબઈ કમિટીમાં જોડાયેલા. **પોલિયો અભિયાન**માં તેમણે કરેલી કામગીરી હંમેશા યાદ રહેશે. તેમનું આતિથ્ય માણવા જેવું છે.



**શ્રી નરેન્દ્રભાઈ કે. શાહ**
સંસ્થાના ચેરમેન. પિતાશ્રી કાંતિભાઈની સમાજ સેવાની ભાવના અને ઉદારદિલ દાતાનો વારસો જાળવી રાખ્યો છે. પિતાશ્રી પછી આપણી સંસ્થાઓમાં તેઓ નેતૃત્વ પૂરું પાડી રહયા છે. તેમના દાન થકી નટરાજ કેમ્પસમાં **કે.એન.શાહ હાઈટેક ઈન્કલુઝિવ સ્કૂલ** પણ કાર્યરત થઈ છે.

# સંસ્થામાં અવિરત સેવા કરતા ટ્રસ્ટીશ્રીઓનું પૂ. સ્વામીશ્રી પરમાત્માનંદજીના વરદ્ હસ્તે સન્માન



**શ્રી ભરતભાઈ એસ. પારેખ**

સંસ્થાના વાઈસ ચેરમેન. પિતાશ્રી શામજીભાઈ એ કંડારેલી કેડી પર ચાલી રહયા છે. કોઈને ખબર પડે નહીં તેમ તેઓ દાન કરતા રહે છે. તેઓ પ્રકાશભાઈ સાથે મુંબઈ ઓફિસમાં પણ કામ સંભાળી રહ્યાં છે.



**શ્રી વામનભાઈ પારેખ**

સંસ્થાના વાઈસ ચેરમેન. સંસ્થામાં ચાલતા **રિચીંગ ટુ અનરીચ્ડ પ્રોજેક્ટ** ના તેઓ દાતા છે. આ ઉપરાંત પણ તેઓ ઘણી સંસ્થાઓના દાતા છે.



**શ્રી પ્રકાશભાઈ એન. દેસાઈ**

સંસ્થાના જોઈન્ટ સેક્રેટરી. પિતાશ્રી નટવરભાઈ એ તેમને આગ્રહપૂર્વક દિવ્યાંગ બાળકોની સેવાનું ઉતરદાયીત્વ સોંપ્યું છે. તેઓ એક સારા લીડર છે. PNR અને સંલગ્નિત સંસ્થાઓમાં આર્થિક યોગદાન મેળવવા માટે રાત-દિવસ પરિશ્રમ કરી રહ્યાં છે.



**શ્રી કીર્તિભાઈ બી. સંઘવી**

સંસ્થાના ટ્રસ્ટી. સ્વ. બાબુભાઈ સંઘવીના પુત્ર, PNR ની માનવ સેવામાં જોડાયા. નટરાજ કેમ્પસમાં તેમના પરિવારનું મહત્વનું યોગદાન છે. સંસ્થાને એક નવી ઊંચાઈ પર લઈ જવા તેઓ સક્રિય છે.



**શ્રી રાજભાઈ કે. શાહ**

સંસ્થાના ટ્રસ્ટી. PNR ના પ્રમુખ પરિવારમાંથી આવે છે. તેમનો પ્રેમ અને હૂંફ સંસ્થાને હંમેશા મળતો રહે છે.




**શ્રી હર્ષદભાઈ સી. શેઠ**

સંસ્થાના ટ્રસ્ટી. આપણી બધીજ સંસ્થામાં તેમનું અને તેમના ભાઈ શ્રી મહેન્દ્રભાઈનું યોગદાન છે. સંસ્થામાં ચાલતો **રોટરી કલબ બોમ્બે નોર્થ** નો ગ્લોબલ પ્રોજેકટ એમનું બ્રેઈન ચાઈલ્ડ છે. એમના પરિવારે સન્માન સ્વીકાર્યું.

# સંસ્થામાં અવિરત સેવા કરતા ટ્રસ્ટીશ્રીઓનું પૂ. સ્વામીશ્રી પરમાત્માનંદજીના વરદ્ હસ્તે સન્માન



**શ્રી હિતેનભાઈ પી. દલાલ**
સંસ્થાના ટ્રસ્ટી. પિતાશ્રી પ્રવીણભાઈની જેમ સમાજ સેવામાં ઉંડો રસ ધરાવે છે.



**શ્રી જીતેન્દ્રભાઈ જે. મહેતા**
સંસ્થાના ટ્રસ્ટી. તેમના માતુશ્રી અને પિતાશ્રીની સ્મૃતિમાં બહેરાં-મૂંગા શાળાની હાઈસ્કૂલ માટે તેમણે મહત્વનું યોગદાન આપેલ છે.



**શ્રી હરેનભાઈ બી. સંઘવી**
સંસ્થાના ટ્રસ્ટી. પિતાશ્રી બાબુભાઈ સંઘવીની સાથો-સાથ જ સંસ્થાઓમાં રસ દાખવાનું તેમણે શરૂ કર્યું હતું. તેઓ નટરાજ પરિવારની સુવાસ અને યોગદાનથી જાણીતા છે. તેમનામાં રહેલી **મેનેજમેન્ટની કુનેહ**નો સંસ્થાને લાભ મળે છે.



**શ્રી નયનભાઈ પી. દલાલ**
શ્રી નયનભાઈ અને તેમના પત્ની શ્રી બિંદુબેન ઘણા વરસોથી PNR સાથે જોડાયેલા છે. પિતાશ્રી પ્રવીણભાઈ અને માતુશ્રી જયોતિબેનની સ્મૃતિમાં ચાલતા પ્રોજેકટમાં તેમનું માતબર દાન છે. અને હજુ એક નવો પ્રોજેકટ સંસ્થામાં શરૂ કરાવી રહ્યાં છે. તેમણે **PNR-USA ઓફિસ**ની સ્થાપના કરી છે અને તેના દ્વારા અમેરિકાથી આપણી સંસ્થાઓમાં પ્રતિ વર્ષ દાનની સરવાણી વહેડાવે છે.
**શ્રી હિતેનભાઈ અને શ્રીમતી નીતાબેન દલાલે** આ સન્માન તેમના વતી સ્વીકાર્યું.



**શ્રી પારસભાઈ સી. શાહ**
સંસ્થાના સેક્રેટરી જનરલ. PNR ની સેકન્ડ જનરેશનના લીડર. તેમની પાસે **મેનેજમેન્ટની સ્કીલ** અને સૌને સાથે રાખવાની કળા છે.



**શ્રી અશ્વિનભાઈ જી. પંડયા**
સંસ્થાના ટ્રસ્ટી, બહેરાં-મૂંગા શાળાના મંત્રી. રેલ્વેમાં મહત્વની પોસ્ટ પર ઓફિસર રહયા. સામાજિક કામ કરવા માટે હમણાંજ તેમને **માનદ્ ડોકટરેટ** ની પદવી મળેલ છે. પોલિયો નાબુદી અભિયાનમાં તેમની નેતૃત્વશકિત ખીલી ઉઠી.



# પી. એન. આર. હૉસ્પિટલ

✍ મહાસુખભાઈ જકડિયા



**માર્ચ - ૨૪ દરમ્યાન, નીચે મુજબ દર્દીઓને વિનામૂલ્યે અથવા રાહતદરે સારવાર આપવામાં આવેલ છે.**

| વિભાગ | તપાસેલ દર્દીની સંખ્યા | પ્રોસિજર ઓપરેશન સંખ્યા |
|---|---|---|
| ઓર્થોપેડિક | ૨૩૩ | ૧૬ - ૦૬ |
| આંખ | ૧૩૪૦ | - - ૩૬૦ |
| આંખની છારી | ૬૪ | - - - |
| ઈ.એન.ટી. (કાન-નાક-ગળા) | ૩૦૯ | ૧૨૭ - ૦૧ |
| ઓર્થોસ્કોપી | ૨૦ | - - - |
| ઓર્થોડેન્ટલ | ૧૬૨ | - - - |
| જનરલ ઓપીડી | ૭૯૬ | - - - |
| એક્ષ-રે | ૧૦૫ | - |
| લેબોરેટરી | ૭૬૨ | ૧૬૬૮ (ટેસ્ટ) |

| વિભાગ | તપાસેલ દર્દીની સંખ્યા | પ્રોસિજર ઓપરેશન સંખ્યા |
|---|---|---|
| ચામડી | ૪૩ | - |
| આંખના પડદા | ૨૭ | - |
| પેઈન મેનેજમેન્ટ વિભાગ | ૧૫ | - |
| M. D. ફિઝીશ્યન વિભાગ | ૩૬ | - |
| **પ્રવીણચંદ્ર દલાલ ડિસેબિલિટી પ્રિવેન્શન સેન્ટર** | | |
| પ્લાસ્ટિક સર્જરી | ૩૪ | ૦૯ |
| હેર ઈમ્પ્લાન્ટ | ૨૧ | ૧૦ |
| પીડિયાટ્રિક ડેન્ટલ | ૦૨ | ૦૫ |

આ માસ દરમિયાન કુલ **૪૭૨૯** દર્દીઓએ લાભ લીધો હતો.

- સ્વાસ્થ્ય સંજીવની યોજના હેઠળ **૧૪૧** લાભાર્થીઓએ **રૂા. ૧૯,૮૨૦/-** ની સહાય મેળવેલ છે.
- મહાવીર મેડિકલ સહાય નીચે કુલ **૧૩** લાભાર્થીઓએ **રૂા. ૩૪૬૦/-** ની સહાય મેળવેલ છે.

## સંસ્થામાં સેવારત ડૉકટરશ્રીઓ.

### ડૉ. નરેશ વાધવા (પ્લાસ્ટિક સર્જન) :



બાળકના ચહેરા પરનું સ્મિત ઈશ્વરના દર્શન સમાન હોય છે. પરંતુ તાળવામાં કાણું, કપાયેલા હોઠને કારણે માસુમ બાળકનું સ્મિત મુરઝાઈ જાય છે. આ સ્મિતને જીવંત કરવાનું કામ કરે છે સર્જન ડૉ. નરેશ વાધવા.

PNR હોસ્પિટલમાં બાળકોને સ્મિત આપવાનું, તેમના વાલીઓને ખૂશી આપવાનું કામ વિવિધ સર્જરી, સારવાર દ્વારા થાય છે. દેવદૂત જેવું આ કામ પ્લાસ્ટિક સર્જન ડૉ. નરેશ વાધવા કરી રહ્યાં છે. કપાયેલાં હોઠ, તાળવામાં કાણું, મૂત્રનલિકામાં અવરોધ જેવી સમસ્યામાં પ્લાસ્ટિક સર્જરી જરૂરી હોય છે. નાના બાળકોની આ સર્જરી કાળજી માગી લે તેવી હોય છે. આ કામ PNR હોસ્પિટલ ખાતે ૨૦૦૨થી ડૉ. વાધવા કરી રહ્યાં છે. છેલ્લાં ૨૨ વર્ષથી નિયમિતપણે સેવા આપતા મુંબઈના આ સર્જને ૨૦૦૦થી વધુ સર્જરી કરી છે અને ૬૬૦૦થી વધુ તપાસ કરી છે.

PNR ઉપરાંત બિદડા સર્વોદય ટ્રસ્ટ-ગાંધીધામ સાથે પણ જોડાયેલા આ તબીબ ક્રિકેટ, વાંચન, પ્રવાસમાં રસ ધરાવે છે. મૂત્રનલિકામાં ખામી વિશે લેખ, પ્રવચન પણ તેઓ આપતા હોય છે. તેઓ કહે છે, ‘‘PNR મારી માતૃ સંસ્થા સમાન છે. અહીં આજીવન આવવું ગમશે. અહીં બાળકોની સમાસ્યા હલ થતા તેના ચહેરા પરનું સ્મિત અને તેમના પરિવાર, માતા-પિતાની આંખોમાંથી ખૂશી ઈશ્વરના આશીર્વાદ સમાન લાગે છે.’’

PNR હોસ્પિટલમાં ડૉ. નરેશ વાધવા દર મહિનાની ૧ થી ૭ તારીખમાં મળે છે.

(નોંધ :- PNR અને લોઢાવાળા હોસ્પિટલમાં લાંબા સમયથી કાર્યરત ડૉકટરશ્રીઓની સેવાઓને બીરદાવવાનો નમ્ર પ્રયાસ છે.જે હવે ક્રમબધ્ધ ‘કોશિશ...’ માં આવશે.- તંત્રીશ્રી)



# પ્રવીણચંદ્ર દલાલ ડિસેબિલિટી પ્રિવેન્શન સેન્ટર




જીજ્ઞેશ પારેખ

**૧. પ્લાસ્ટિક સર્જરી કેમ્પ :**

તા. ૧૧ થી ૧૬ માર્ચ `૨૪ ના રોજ કોન્જીનીટલ ડિફોરમિટી પ્રોજેકટ અન્વયે **પ્લાસ્ટિક સર્જરી કેમ્પ**નું આયોજન, દાતાશ્રી **સ્ટેકબેક ઝવેલરી પ્રા. લિ.-મુંબઈ**ના આર્થિક સહયોગથી કરવામાં આવ્યું હતું. જેમાં જન્મજાત ખામીવાળા જરૂરિયાતમંદ **૩૪** બાળકોની તપાસ ડૉ. નરેશ વાધવા (પ્લાસ્ટિક સર્જન) દ્વારા કરવામાં આવી હતી. તે પૈકી **૩** કપાયેલાં હોઠ, **૩** તાળવામાં કાણું અને **૪** હાઈપોસ્પેડિયા એમ કુલ **૯** ઓપરેશન કર્યા હતાં. આ કેમ્પ ડૉ. નરેશ વાધવા (પ્લાસ્ટિક સર્જન), ડૉ. નિરવ ધોળકિયા અને ડૉ. મેહુલ મોદી (એનેસ્થેટિક) તથા હોસ્પિટલના નર્સિંગ સ્ટાફની જહેમતથી સફતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યો હતો.


**૨. યુપા ફ્રેશ પ્રા. લિ.-મુંબઈ ડેફનેસ બ્લાઈન્ડનેસ પ્રિવેન્શન પ્રોજેકટ :**

માર્ચ `૨૪ દરમિયાન શિહોર તાલુકાની વિવિધ પ્રાથમિક શાળાઓમાં **૭૨૪૪** બાળકોનું પ્રાઈમરી સ્ક્રિનિંગ કરવામાં આવ્યું, તેમાંથી આંખની વિવિધ તકલીફવાળા **૬૪૫** બાળકો મળ્યાં અને કાનની વિવિધ તકલીફવાળા **૨૪૩** બાળકો જોવા મળ્યાં હતાં. બ્લાઈન્ડનેસ પ્રિવેન્શન પ્રોજેકટ અન્વયે **૫૪૪** બાળકોને ચશ્મા વિતરણ કરવામાં આવ્યું હતું. સંસ્થાની હોસ્પિટલમાં ડૉ. ઉદિતરાજ ચાવડા અને ડૉ. અશોકભાઈ બારૈયા (ENT સર્જન) Tympanoplasty અને Mastoidectomy With Tympanoplasty દ્વારા **૬** સર્જરી સફળતાપૂર્વક કરી આપવામાં આવી છે.



# અંબા સી.પી. હોસ્ટેલ

## માર્ચ-એપ્રિલ - ૨૦૨૪



લાલજી પંડયા

**નીચેના મહાનુભાવોએ હોસ્ટેલના બાળકોને પોતાના પરિવારના સભ્યોના જન્મદિન, મેરેજ એનિવર્સરી કે દિવંગત સ્નેહીની તિથિ નિમિત્તે ભોજન / નાસ્તો કરાવેલ**

### ભોજન / મિષ્ટાન

- તા. ૧૭-૩ ના રોજ શ્રી જયંતિભાઈ પટેલ તરફથી...
- તા. ૧૮-૩ ના રોજ શ્રી તૃપ્તીબેન મહેતા તરફથી...
- તા. ૨૩-૩ ના રોજ શ્રી મહેન્દ્રભાઈ તરફથી...
- તા. ૨૬-૩ ના રોજ શ્રી જીજ્ઞેશભાઈ પીઠવા તરફથી...
- તા. ૪-૪ ના રોજ શ્રી પ્રિતેશભાઈ શાહ તરફથી...
- તા. ૯-૪ ના રોજ શ્રી ઓમદેવસિંહ ગોહિલ તરફથી...
- તા. ૧૦-૩ ના રોજ શ્રી જીતુભાઈ શાહ તરફથી...

### નાસ્તો

- તા. ૪-૪ ના રોજ શ્રી પ્રતીકભાઈ શેઠ તરફથી...
- તા. ૮-૪ ના રોજ શ્રી અનંતભાઈ શાહ તરફથી...
- તા. ૮-૪ ના રોજ શ્રી યશપાલસિંહ વાઘેલા તરફથી...
- તા. ૧૫-૪ ના રોજ શ્રી ભાનુબેન જાની તરફથી...



# શ્રી શાહ ખી. લ. બહેરાં મૂંગા શાળા (પ્રાથમિક વિભાગ)



ગજાનંદ ભટ્ટ

**વિજેતાનું સન્માન :**

પ્રાથમિક શાળામાં ધો. ૮ માં અભ્યાસ કરતા બાળકો માટે ધો. ૯ માં પ્રવેશ માટે એક પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કુલ ૨૬ બાળકોએ ભાગ લીધો હતો. તેમાંથી પ્રથમ નંબરે અશરફ મનસુરી, દ્વિતીય નંબરે યુવરાજ ડોડિયા અને તૃતિય નંબરે વેદ કોઠારી રહ્યાં હતા. જેનું માધ્યમિક શાળાના આચાર્ય શ્રી શૈલેષભાઈ દવે દ્વારા રોકડ પુરસ્કાર આપીને સન્માન કરવામાં આવ્યું હતું. પ્રાથમિક શાળાના શિક્ષક શ્રી અશોકભાઈ

ખાટસુરિયાએ બાળકોને પ્રોત્સાહિત કરવા બદલ શ્રી શૈલેષભાઈનો આભાર વ્યકત કર્યો હતો.

**આંતરરાષ્ટ્રિય મહિલા દિનની ઉજવણી :**




શ્રી નવનિધિ દિવ્યાંગ ચેરીટેબલ ટ્રસ્ટ આયોજિત **આંતરરાષ્ટ્રિય મહિલા દિનની ઉજવણી**ના કાર્યક્રમમાં પ્રાથમિક શાળાની વિદ્યાર્થીનીઓ દ્વારા 'રામ આયેગે...' કૃતિ યશવંતરાય નાટયગૃહમાં રજૂ કરવામાં આવી હતી.

આ કાર્યક્રમના મુખ્ય મહેમાન ભાવનગરના યુવરાજ જયવીરસિંહજી હતા. આપણી કૃતિને ત્યાંના આયોજકોએ, મહેમાનશ્રીઓએ તેમજ નાટયગૃહમાં ઉપસ્થિત સૌ પ્રેક્ષક મિત્રોએ મન ભરીને માણી હતી. તેમજ તાળીઓના ગડગડાટથી વધાવી હતી. તેમજ વન્સ મોર... વન્સ મોરના નારાથી આખું નાટયગૃહ ગુંજી ઉઠયું હતું. શ્રી ગીતાબેન અગ્રવાલે વિદ્યાર્થીનીઓને મોમેન્ટો આપીને પ્રોત્સાહિત કરી હતી. સમગ્ર કૃતિ તૈયાર કરાવવાની, વિદ્યાર્થીનીઓને તૈયાર કરવાની (વેશભૂષા, મેકઅપ) વગેરેની જવાબદારી શાળાના શિક્ષિકા ડૉ. કવિતાબહેને ઉઠાવી હતી.

## શ્રીમતી વિમળાલક્ષ્મી રમણલાલ ઓ. સંઘવી સ્ટાફ વેલફેર કોર્પસ ફંડ

આ ફંડના ૬૫ લાભાર્થીઓને વર્ષ ૨૦૨૩-૨૪ દરમ્યાન ખાંડ ૧૬ કિ., ચા ૧ કિ., શીંગતેલ ૨૦ કિ., ઘઉં ૬૦ કિ., ચોખા ૫ કિ., તુરદાળ ૩ કિ., ચણાદાળ ૨ કિ., મગ ફાડા ૧ કિ., મગ ૧ કિ., ચણા ૧ કિ., વટોણા ૧ કિ., છોલે ચણા ૧ કિ., ન્હાવાના સાબુ ૪ નંગ, ધોવાના સાબુ ૪ નંગ, ૧ જોડી કપડાં નવા, રવો ૨ કિ., મેંદો ૨ કિ., બેસન ૧ કિ., ચોળાફળી, મઠીયા, ફાફડા તથા દિવાળી કીટ-રંગોળી, તોરણ, દીપમાળ, લાભ-શુભ, પગલા સ્વસ્તિક વગેરે તમામ વસ્તુ રાહતદરે આપવામાં આવી છે. આ ફંડની કાર્યવાહી સંસ્થાના વેલફેર ઓફિસર શ્રીમતી બિન્દીબેન ત્રિવેદી સંભાળે છે.



## શ્રીમતી મહાલક્ષ્મીબેન અને શ્રી જગન્નાથ એ. મહેતા શ્રવણમંદોની માધ્યમિક અને ઉ. મા. શાળા

જ્યોતિ ભટ્ટી



**આંતરરાષ્ટ્રિય મહિલા દિવસ :**

શાળામાં આંતરરાષ્ટ્રિય મહિલા દિવસની ઉજવણી કરવામાં આવી. સમગ્ર વિશ્વમાં તા. ૮ મી માર્ચે આ દિવસ ઉજવવામાં આવે છે. ૧૯૭૫માં સંયુકત રાષ્ટ્ર સંઘ દ્વારા માન્યતા આપવામાં આવી. દરેક ટ્રસ્ટ આ દિવસ સન્માનપૂર્વક ઉજવે છે, શાળામાં ધો. ૯ની વિદ્યાર્થીનીઓ દ્વારા એક સુંદર નાટકની કૃતિ રજૂ કરવામાં આવી. જેમાં મહિલાઓએ સંઘર્ષ, અસમાનતા સાથે તિરસ્કાર સહન કર્યા બાદ, મજબુત મનોબળ દ્વારા પોતે સક્ષમ છે તે સાબિત કરવામાં સફળતા મેળવી, તે દર્શાવવામાં આવ્યું.

શાળાના આચાર્ય શ્રી શૈલેષભાઈ દવેએ જણાવ્યું કે, 'યત્ર નાર્યસ્તુ પૂજ્યન્તે, રમન્ને તત્ર દેવતા' આ સાથે તેઓએ નાટકને ખૂબ-ખૂબ બિરદાવ્યું હતું. તેમજ અત્યારે મહિલાઓ વિવિધ અભ્યાસક્રમમાં તેમજ દરેક વ્યાવસાયિક ક્ષેત્રમાં પણ મહિલાઓ અગ્રેસર હોય, છે તેમ જણાવ્યું હતું. તેમજ દરેક મહિલાઓનું વંદન સાથે અભિવાદન કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંકલન શ્રી વિશ્વાબેન ભટ્ટે કરેલ.

જિંદગીના રંગમંચ પર, રિહર્સલ વગર દરેક ભૂમિકા સફળતાપૂર્વક નિભાવતી દરેકે-દરેક મહિલાઓને હાર્દિક શુભેચ્છાઓ.

**વિશિષ્ટ સિદ્ધિ સન્માન :**

આંતરરાષ્ટ્રિય મહિલા દિવસની ઉજવણીના ભાગરૂપે નવનિધિ દિવ્યાંગ ટ્રસ્ટ દ્વારા શાળાની વિશેષ સિધ્ધિ પ્રાપ્ત કરનાર શ્રવણમંદ દિવ્યાંગ વિદ્યાર્થીનીઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

નવનિધિ દિવ્યાંગ ટ્રસ્ટ કે જે છેલ્લાં ૧૦ વર્ષથી દિવ્યાંગ બાળકોને પ્રોત્સાહન આપી, વિવિધ સાંસ્કૃતિક અને સામાજિક પ્રવૃત્તિઓનું આયોજન કરે છે. તા. ૩૦-૩ ના રોજ આ ટ્રસ્ટ દ્વારા મહિલા સન્માન, તેમજ સાંસ્કૃતિક પ્રોગ્રામનું આયોજન, યશવંતરાય ઓડિટોરિયમ ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય

મહેમાન તરીકે ભાવનગરના યુવરાજ શ્રી જયવીરસિંહજી ગોહિલ તેમજ ટ્રસ્ટના પ્રમુખ શ્રી ગીતાબેન અગ્રાવત હાજર રહેલ.

આ કાર્યક્રમમાં પ્રાથમિક વિભાગની વિદ્યાર્થીની ૧. સાક્ષીબા ધર્મેન્દ્રસિંહ ગોહિલ, ૨. પ્રભા મથુરભાઈ સોલંકી, ૩. તનુશ્રી જીતુભાઈ લકક્કડ તથા ૪. હિરલ વિક્રમભાઈ બારૈયાને એવોર્ડ આપી સન્માનિત કરવામાં આવેલ.

**૧. સાક્ષીબા ગોહિલ :** જે વર્ગમાં હંમેશા પ્રથમ નંબરે પાસ થાય છે. સાથો-સાથ સાંસ્કૃતિક, રમત-ગમત ક્ષેત્રે અને ક્રાફટ વર્ગમાં હંમેશા અગ્રેસર રહે છે. છાત્રાલયમાં નાના ધોરણના બાળકોને ભાષા તથા ગણિત સારી રીતે સમજાવી શિક્ષક તરીકેનું કાર્ય નિષ્ઠાપૂર્વક કરે છે.

**૨. પ્રભા સોલંકી :** જે ભણવામાં ખૂબ જ હોશિયાર, રમત-ગમત ક્ષેત્રે જિલ્લા તેમજ રાષ્ટ્ર કક્ષાની દોડની હરિફાઈમાં ગોલ્ડ અને સિલ્વર મેડલ મળીને કુલ ૪૪ થી પણ વધુ મેડલ પ્રાપ્ત કરેલ છે. શાળાના શિક્ષકો તેના દોડવીર **પી.ટી. ઉષા**ના હુલામણા નામથી પણ નવાજે છે. શાળાની અન્ય પ્રવૃત્તિઓમાં પણ રસપૂર્વક ભાગ લે છે.

**૩. તનુશ્રી લક્કડ :** અભ્યાસમાં તેજસ્વી, કોઈ પણ કાર્ય એકાગ્રતાથી કરનાર, ચેસ ચેમ્પિયન, જેણે નેશનલ લેવલે ચેસ સ્પર્ધામાં ત્રીજું સ્થાન પ્રાપ્ત કરી શિલ્ડ તથા એવોર્ડ પ્રાપ્ત કરેલ છે. તેણી અન્ય વિદ્યાર્થીઓને મદદ કરવા હંમેશા આતુર રહે છે.

**૪. હિરલ બારૈયા :** બહુવિધ પ્રતિભાશાળી રમત-ગમત, લોકનૃત્ય, નાટક, વેસ્ટર્ન ડાન્સ, રંગોળી સ્પર્ધા વગેરેમાં હંમેશા અવ્વલ રહે છે. સાથે શિક્ષણ વર્ગમાં પણ ખૂબ જ તેજસ્વી છે. હંમેશા વર્ગમાં પ્રથમ નંબરે પાસ થાય છે. તેણીએ દોડ સ્પર્ધામાં રાજ્ય તેમજ રાષ્ટ્રિય કક્ષાએ ૧૩ સુવર્ણ તેમજ ૭ રજત ચંદ્રકો મળી કુલ ૨૦ ચંદ્રકો તેમજ રૂા. ૫૦,૦૦૦/- થી વધુ રોકડ પુરસ્કાર મેળવી શાળાનું ગૌરવ વધારેલ છે.

**હરીદર્શનની મુલાકાત :**



શાળાના વિદ્યાર્થીઓની ધો. ૧૨ની બોર્ડની પરીક્ષા પૂર્ણ થઈ તા. ૨૨-૩ ના રોજ વાલીઓ દીકરીઓને લેવા માટે આવેલ.

સંસ્થાના મંત્રી શ્રી અશ્વિનભાઈ પંડયા, જેઓ હંમેશા વિદ્યાર્થીઓ પગભર બને તે માટે પ્રયત્નશીલ હોય છે. તેઓએ દીકરીઓના વાલીઓ સાથે મિટીંગ કરી. દીકરીઓ આગળ શું કરવા ઈચ્છે છે ? તેમજ વાલીઓની શું ઈચ્છા છે ? તેના સંદર્ભે ચર્ચા કરી વ્યકિતગત માર્ગદર્શન આપ્યું. સાથે તેઓએ હરીદર્શન ડાયમંડ કંપનીમાં આ દીકરીઓને કામ કરવા સુચવ્યું. ઘણી દીકરીઓ, વાલીઓની ઈચ્છા હોવાથી મંત્રીશ્રીએ તાત્કાલિક હરીદર્શન કંપનીના માલિક શ્રી રીતેશભાઈ સાથે ટેલિફોનિક વાત કરી, તે જ સમયે મુલાકાતનું આયોજન કરી આપ્યું. શાળાના આચાર્ય શ્રી શૈલેષભાઈ દવે તથા શિક્ષક શ્રી જયોતિબેન બારૈયા ઈન્ટરપ્રિન્ટર તરીકે જોડાયા. સાથે વાલીઓ અને દરેક દીકરીઓ શાળા દ્વારા કરાયેલ વાહન વ્યવસ્થા દ્વારા કંપનીએ પહોંચ્યાં.

કંપનીમાં શ્રી નિરવભાઈ પટેલે ડિપાર્ટમેન્ટની મુલાકાત કરાવી અને કંપની વિશે માહિતી આપી. તેમજ કયુ કાર્ય, કઈ રીતે કરવું, તે સમજાવ્યું. વાલીઓએ પણ પ્રશ્નો પૂછયા અને સંતોષકારક માહિતી મેળવી. કંપનીના માલિક શ્રી રીતેશભાઈએ દીકરીઓ માટે જણાવ્યું કે, 'અહીં દીકરીઓનું સ્વાગત છે અને અમારાથી થતી બધી મદદ કરવા અમે તૈયાર છીએ.' તેઓએ રહેવાની, તેમજ બપોરે જમવાની સગવડ આપશું, તેમ જણાવ્યું હતું. આમ, કંપનીના માલિક શ્રી રીતેશભાઈ, સંસ્થાના મંત્રીશ્રી, તેમજ આચાર્યશ્રીના સહિયારા પ્રયાસથી દીકરીઓ પગભર થઈ શકશે, તેમજ ગર્વથી જીવી શકશે.

**નેશનલ ચેસ સ્પર્ધામાં વિજેતા :**



બિહારના પટના શહેરમાં ૨૪મી **નેશનલ ચેસ ચેમ્પિયનશીપ ઓફ ધ ડેફ** યોજાયેલ. જેમાં સંસ્થાના ૩ બાળકો અને ૧ રમત શિક્ષક ગયેલ. આ સ્પર્ધામાં ભારતમાંથી ૧૪ જેટલા રાજ્યોમાંથી ૧૫૦ જેટલા સ્પર્ધકોએ ભાગ લીધેલ. જેમાં અલગ-અલગ કેટેગરી જેવી કે, સિનિયર મેન/વુમન અને જુનિયર બોયઝ એન્ડ ગર્લ્સ જેવા વિભાગો પાડેલ.

આ સ્પર્ધા તા. ૧૮ થી ૨૨ માર્ચ સુધી રમાયેલ. જેમાં શાળામાં ધો. ૧૧ માં અભ્યાસ કરતી તનુશ્રી લકક્કડે જુનિયર ગર્લ્સમાં ત્રીજો નંબર મેળવી બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરેલ અને રૂા. ૨,૦૦૦/- નો રોકડ પુરસ્કાર, તેમજ ટ્રોફી મેળવેલ. શાળાના રમત શિક્ષક શ્રી સંદિપભાઈ ગોસ્વામીએ કોચ તરીકે કાર્ય કરેલ.

સંસ્થાના ટ્રસ્ટીશ્રીઓ, મંત્રી શ્રી અશ્વિનભાઈ પંડયા

તેમજ શાળાના આચાર્ય શ્રી શૈલેષભાઈ દવેએ, તનુશ્રી, તેમજ કોચ શ્રી સંદિપભાઈને અભિનંદન પાઠવેલ.

**શ્રવણમંદ વિદ્યાર્થીની નેશનલ વોલીબોલ ટીમમાં પસંદગી :**

શાળામાં ધો. ૧૧ માં અભ્યાસ કરતો વિદ્યાર્થી કરમુલા સાકીરઅલી બાકરઅલી કે જે ઓલ ઈન્ડિયા સ્પોર્ટસ કાઉન્સિલ ઓફ ધ ડેફ દ્વારા તા. ૧૧ થી ૨૧ એપ્રિલ સુધી મધ્યપ્રદેશના ગ્વાલિયર મુકામે યોજાનાર નેશનલ વોલીબોલ સ્પર્ધામાં પસંદગી પામેલ છે. તેમજ તેના પર્ફોર્મેન્સના આધારે ઈન્ટરનેશનલ કક્ષાએ જાપાન ખાતે યોજાનાર 'પાંચમા વર્લ્ડ ડેફ વોલીબોલ ચેમ્પિયનશીપ' માં પસંદગી પામશે.

ભાવનગર અને ગુજરાતનું ગૌરવ વધારવા બદલ શાળાના ટ્રસ્ટીશ્રીઓ, આચાર્યશ્રી તેમજ સમગ્ર શાળા પરિવારે અભિનંદન પાઠવેલ છે.



## શ્રી શાહ ખી.લ. બહેરાં-મૂંગા શાળા મહેતા છાત્રાલય



સ્નેહાબેન જોષી

- તા. ૨૧-૨ ના રોજ આપણા પૂર્વ આચાર્યશ્રી હર્ષાબેન આશરાના સ્મરણાર્થે બધા જ બાળકોને બપોરના નાસ્તામાં જલેબી અને ફાફડિયા ગાંઠિયાનો નાસ્તો કરાવેલ. તેમના મિસ્ટરની ઈચ્છા હતી કે આ નાસ્તો હર્ષાબેનને ખૂબ જ પ્રિય હતો. તેથી બાળકોને પણ આ જ નાસ્તો કરાવેલ. બધા જ બાળકોએ શાંતિ પ્રાર્થના કરેલ અને તેઓ ખૂબ જ ભાવુક થઈ ગયેલ.
- તા. ૮-૩ ના રોજ શિવરાત્રિ હોવાથી છાત્રાલયના બાળકોએ મહાદેવના ફોટાની સ્થાપના કરી, શિવલીંગ પર દૂધથી અભિષેક તથા બિલીપત્ર ચડાવી શિવજીની આરતી કરેલ અને શિવરાત્રિની ઉજવણી કરેલ.



## શ્રીમતી ચંદાબહેન મોહનભાઈ પટેલ છાત્રાલય



- તા. ૧૧-૩ ના રોજ ધો. ૧૦ અને ધો. ૧૨ ની બોર્ડની પરીક્ષા શરૂ થતા, બાળકોને પરીક્ષા માટે સંસ્થાના માનદ મંત્રીશ્રી અશ્વિનભાઈ પંડયા તથા શ્રી અમિતભાઈ શાહ તથા શ્રી જીતુભાઈ શાહ, શ્રી મીતાબેન ઓઝા તથા આચાર્યશ્રી શૈલેષભાઈ દવે તથા છાત્રાલયના ગૃહમાતાશ્રીઓ દ્વારા બાળકોને મોં મીઠું કરાવી, પરીક્ષા માટે શુભકામના પાઠવેલ.

સતત બાળકોની એક મા ની જેમ દેખરેખ રાખતા, છાત્રાલયના કેરટેકર બહેનોએ પરીક્ષા દરમ્યાન ધો. ૧૦ ના બાળકોને રોજ સવારે ગરમ નાસ્તો તથા બપોરે ધો. ૧૨ ના બાળકોને લસ્સી, લીંબુ પાણી, વગેરે બાળકોને ગમતું અને ગૃહમાતાની સૂચના પ્રમાણે સમયે-સમયે વ્યવસ્થા કરી આપેલ અને કુમકુમ તિલક કરી, દહીં-ખાંડથી શુકન કરી, પરીક્ષા માટે શુભકામના પાઠવેલ.



## શ્રીમતી પ્રભાકુંવરબહેન રતિલાલ વાઘર કૃત્રિમ સાધન સહાય વર્કશોપ



અશ્વિનભાઈ પંડ્યા (ચેરમેન)

**માહે માર્ચ-૨૦૨૪ની કામગીરીની વિગત**

- માર્ચ માસમાં સ્થાનિક કક્ષાએ કુલ ૧૩૧ જેટલા લાભાર્થીઓને તપાસવામાં આવેલ, જેમાં લાભાર્થીઓને આશરે ૧૮૦ જેટલા જુદા-જુદા સાધનો જેવા કે, અડધા પગ-૩, ની-બ્રેસ-૯૨, હેન્ડ સ્પિલન્ટ-૫, સ્પાઈનલ ઓર્થોસિસ-૫, અન્ય-૪૮, કેલિપર્સ-૨, એ.એફ.ઓ.-૧૪, પ્લાસ્ટિક ઓર્થોસિસ-૧૧ એમ કુલ ૧૮૦સાધનો પૂરાં પાડવામાં આવ્યાં હતાં.
- માર્ચમાં સંસ્થા દ્વારા ગત માસે કૃત્રિમ હાથ પગના-૨ કેમ્પ યોજાયેલ. જેમાં એક ગાંધીધામ મુકામે રોટરી કલબ ઓફ ગાંધીધામ દ્વારા યોજાયેલ. જેમાં ૧૦૨ લાભાર્થીઓને ૧૦૬

સાધનો પૂરાં પાડેલ અને એક કેમ્પ લોકલ લેવલે અલંગ ઓટો એન્ડ જનરલ લિમીટેડ દ્વારા યોજાયેલ. જેમાં ૩૩ લાભાર્થીઓને ૩૭ સાધનો પૂરાં પાડેલ હતાં.

**માહે એપ્રિલ-૨૦૨૪ની કામગીરીની વિગત**

- એપ્રિલ માસમાં સ્થાનિક કક્ષાએ કુલ ૧૧૦ જેટલા લાભાર્થીઓને તપાસવામાં આવેલ, જેમાં લાભાર્થીઓને આશરે ૧૨૬ જેટલા જુદા-જુદા સાધનો જેવા કે, આખા પગ-૧, અડધા પગ-૩, ઓર્થોશુઝ-૧, ની-બ્રેસ-૩૮, હેન્ડ સ્પિલન્ટ-૧, સ્પાઈનલ ઓર્થોસિસ-૩, અન્ય-૬૨, કેલિપર્સ-૪, એ.એફ.ઓ.-૧૦, પ્લાસ્ટિક ઓર્થોસિસ-૦૨, ક્રચીઝ-૧ એમ કુલ ૧૨૬ સાધનો પૂરાં પાડવામાં આવ્યાં હતાં.
- એપ્રિલમાં સંસ્થામાં ની-બ્રેસનો ૧ કેમ્પ જલંધર (પંજાબ) મુકામે યોજાયેલ. જેમાં ૮૯ લાભાર્થીઓને ૧૭૭ ની-બ્રેસ પૂરી પાડેલ હતી.



## શ્રી શાહ કે. એલ. ઈન્સ્ટિટયૂટ ફોર ધ ડેફ - ટ્રસ્ટ સંચાલિત
## શ્રી કે. કે. અજમેરા ટિચર્સ ટ્રેનિંગ કૉલેજ
## (હીયરિંગ ઈમ્પાયર્ડ)

ડૉ. ધવલ વ્યાસ



**વર્લ્ડ ઓરલ હેલ્થ ડેની ઉજવણી :**

કોલેજમાં **વર્લ્ડ ઓરલ હેલ્થ ડે** નિમિત્તે તા. ૧૯-૩ ના રોજ પધારેલ શ્રી કે. જે. મહેતા ટી.બી. હોસ્પિટલ, અમરગઢ સંચાલિત કોલેજ ઓફ ડેન્ટલ સાયન્સ હોસ્પિટલના ડૉક્ટરશ્રીઓની ટીમ દ્વારા, સંસ્થાના મહાવીર ઓડિટોરિયમમાં દાંતની સાર-સંભાળ વિશેની સમજ અને યોગ્ય જાણકારી, પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશનના માધ્યમથી આપી હતી. ઉપરાંત, ડૉક્ટરશ્રીઓની ટીમ દ્વારા કોલેજના તમામ તાલીમાર્થીઓ અને પ્રાધ્યાપકશ્રીઓની દાંતની ચકાસણી કરી, જરૂરી સલાહ અને માર્ગદર્શન આપ્યું હતું.

### ભાવનગર નવજવાન સંઘ સંચાલિત
## શેઠ શ્રી વી.સી. લોઢાવાળા હોસ્પિટલ
### શ્રી પ્રતાપરાય શામજીભાઈ પારેખ પોલિક્લિનિક

સૂર્યકાંત ચાવડા



**સોલા મોબાઈલ મુંબઈના સૌજન્યથી ગાયનેક, આંખ, કાન-નાક-ગળા, ફેફસાના નિષ્ણાત ડૉક્ટરશ્રીઓ દ્વારા તા. ૨૦-૩ થી તા. ૨૩-૩ શનિવાર સુધી દરરોજ નિઃશૂલ્ક તપાસ-નિદાન કેમ્પ યોજાયો :**

શરદી, ખાંસી, તાવ, અસ્થમા, દમ તથા શ્વાસના રોગો, કફ, એલર્જી, ટીબી, ગળામાં લોહી પડવું, ન્યૂમોનિયા, બીપી, ડાયાબીટીસ તથા ફેફસાના રોગો માટે નિષ્ણાત ચેસ્ટ ફિઝીશ્યન ડૉ. અગ્રવાલ, દરરોજ સાંજે ૫ થી ૭ તથા ડૉ. મુકુંદભાઈ પંડયા એ સવારે ૧૧ થી ૧ સેવા આપી.

સર્ગભા બહેનોને ચેકઅપ, પ્રસુતિ અને તેને લગતા રોગો, કોથળી તથા અંડાશયને લગતા રોગો વિગેરે રોગોના સચોટ નિદાન અને સારવાર માટે સ્ત્રી રોગ અને પ્રસુતિ નિષ્ણાત ડૉ. શ્રી યશશ્રી શાહે દરરોજ સવારે ૧૦ થી ૧ અને સાંજે ૫ થી ૭ સેવા આપી.

ગુજરાત સરકારના અંધત્વ નિયંત્રણ પ્રોગ્રામ અંતર્ગત મોતિયાના નિઃશૂલ્ક ઓપરેશન માટે આંખના નિષ્ણાત ડૉ. હર્ષાબેન મહેશ્વરીએ સવારે ૧૦ થી ૧૨ તથા ડૉ. નિશાબેન ચૌહાણ બપોરે ૪ થી ૫ સેવા આપી.

દંત ચિકિત્સક ડૉ. વંદનાબેન દેવમુરારીએ સવારે ૧૦ થી ૧ તથા બપોરે ૫ થી ૭ સેવા આપી.

કાન-નાક-ગળાના રોગોમાં સોમથી શનિ દરરોજ સવારે ૧ થી ૨ અને બપોરે ૫ થી ૭, ૫ વર્ષના સરકારી અનુભવી ઈ.એન.ટી. ડૉક્ટર ઉદ્દિત ચાવડા દ્વારા કાન-નાક-ગળાના રોગો જેવા કે કાનના પડદાની તકલીફ, કાનના સડાની સમસ્યા, શરદી, એલર્જી, મસા, નાકનું ફેકચર, મગજના પાણીનું લીકેજ, સ્વરપેટીના મસા તથા સ્વરતંતુના સોજા, કાકડા, ગળામાં થાઈરોઈડની ગાંઠ, કાનમાં ફુગ, સાંભળવામાં તકલીફ, નાસુર, સાયનસની તકલીફ બોલવામાં તકલીફ, અવાજમાં ફેરફાર, શ્વાસ લેવામાં તકલીફ, સ્વર પેટીની તકલીફ, મોં મા ચાંદા પડવા, કેન્સરની તકલીફની નિદાન કરેલ. જેમાં ૧૫ વર્ષથી નીચેની ઉંમરના બાળકો માટે વિનામૂલ્યે ઓપરેશન કરવામાં આવેલ. એક્સ-રે, સોનોગ્રાફી, લેબોરેટરી, ઈસીજી રાહતદરે કરવામાં આવેલ.

**સ્વ. કંચનબેન કનૈયાલાલ શાહના સ્મરણાર્થે વિનામૂલ્યે મોતિયાના ઓપરેશન માટે તપાસ નિદાન કેમ્પ યોજાયો :**





ભાવનગર ખાતે તા. ૮-૪ સોમવારે સ્વ. કંચનબેન કનૈયાલાલ શાહના સ્મરણાર્થે શ્રી અનંતભાઈ કે. શાહ (બાબાભાઈ) તરફથી વિનામૂલ્યે મોતિયાના ઓપરેશન માટે તપાસ નિદાન કેમ્પ યોજાયો હતો.

કેમ્પમાં આંખ સર્જન ડૉ. હર્ષા મહેશ્વરી, ડૉ. નિશાબેન ચૌહાણે પોતાની સેવાઓ આપી હતી. કેમ્પનું ઉદ્દઘાટન દાતાશ્રી અનંતરાય અને શ્રીમતી ઈલાબેનના વરદ હસ્તે દીપ પ્રગટાવી કરવામાં આવ્યું. જેમાં દર્દીઓ, ડૉક્ટરશ્રીઓ તથા પી.એન.આર. સોસાયટીના સેક્રેટરી જનરલ શ્રી પારસભાઈ શાહ, શ્રી હાર્દિકભાઈ શાહ ઉપસ્થિત રહેલ. સંસ્થાના માનદ મંત્રી શ્રી સૂર્યકાંતભાઈ ચાવડાએ સૌને આવકારી કેમ્પની વિગત આપી હતી. શ્રી અનંતરાય (બાબાભાઈ) નો ૯૦મા જન્મદિવસ હોય ખજાનચી શ્રી કિર્તીભાઈ ગાંધી અને સૌએ પૂષ્પગુચ્છથી શુભેચ્છા પાઠવી હતી.

જેમાં ૩૧ દર્દીઓની વિનામૂલ્યે તપાસ નિદાન કરી આપવામાં આવેલ તેમજ જરૂરત જણાવેલ દર્દીઓને આંખના મોતિયાના વિનામૂલ્યે ઓપરેશન કરી આપવામાં આવેલ.

**શિહોર ખાતે ભૂતા હોસ્પિટલમાં સ્ત્રી રોગનો નિઃશૂલ્ક કેમ્પ યોજાયો :**



ભાવનગર નવાજવાન સંઘ સંચાલિત શેઠશ્રી વી.સી. લોઢાવાળા માતૃત્વ અને બાળ હોસ્પિટલ, શ્રી પ્રતાપરાય શામજીભાઈ પારેખ પોલિક્લિનિક, ભાવનગર અને શિહોર ભૂતા હોસ્પિટલના સંયુકત ઉપક્રમે ભૂતા હોસ્પિટલ શિહોર ખાતે સ્ત્રી રોગ અને પ્રસુતિ નિષ્ણાત ડૉ. શ્રી યશશ્રી શાહ MBBS DGO નો તા. ૨૧-૪ ના રોજ સવારે ૯ થી ૧ દરમ્યાન **સ્ત્રી રોગ નિઃશૂલ્ક તપાસ કેમ્પ** રાખવામાં આવેલ. આ નિઃશૂલ્ક કેમ્પમાં સર્ગભા બહેનોને ચેકઅપ, પ્રસુતિ અને તેને લગતા રોગોના સચોટ નિદાન અને સારવારનું માર્ગદર્શન આપવામાં આવેલ. જેમાં શિહોર અને આજુબાજુના બહેનોએ આવા રોગોની સારવાર માટે નિષ્ણાત ડોક્ટરની સેવાનો લાભ લીધેલ. વધુ સારવાર માટે ભાવનગર વી.સી. લોઢાવાળા હોસ્પિટલ ખાતે રિફર કરવામાં આવેલ, જયાં તદન રાહત દરે સેવા આપવામાં આવશે.

આવા કેમ્પ દર મહિને બે રવિવાર માટે રાખવાનું પણ બંને સંસ્થા સંચાલકોએ શિહોરના બહેનોના વિશાળ હિતમાં નક્કી કરેલ છે.

**સંસ્થા શુભેચ્છા મુલાકાત :**



સંસ્થાની શુભેચ્છા મુલાકાતે પધારેલ ભાવનગરના ખ્યાતનામ બાળરોગ નિષ્ણાત ડૉ. જયેશભાઈ પંડયાનું અભિવાદન કરતા માનદ મંત્રી શ્રી સૂર્યકાંતભાઈ ચાવડા, શ્રી કિર્તીભાઈ ગાંધી અને સ્ટાફ.

**વિનામૂલ્યે ફિઝીયોથેરાપી તપાસ નિદાન કેમ્પ યોજાયો :**

હોસ્પિટલ ખાતે તા. ૨૦-૪ ના રોજ સાંજે ૫ થી ૭ દરમ્યાન ફિઝીયોથેરાપીની ઉપલબ્ધ સારવાર માટે વિનામૂલ્યે તપાસ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ. જેમાં બહોળી સંખ્યામાં આવેલ દર્દીઓને ફિઝીયોથેરાપીસ્ટ ડૉ. પ્રિયાંશીબેન પરમાર (BPT) દ્વારા કરોડરજ્જુની ઈજાઓ, સ્નાયુનો દુઃખાવો, ખભાનો દુઃખાવો, ફેકચર-લકવો, ગોઠણનો દુઃખાવો, જોઈન્ટ રીપ્લેસમેન્ટ સર્જરી પછીની કસરત, પગની એડીનો દુઃખાવો, કમરનો દુઃખાવો, સંઘીવા, સાયટીકા/નસ દબાવવી, જન્મજાત વિકાસલક્ષી, પાર્કિન્સન્સ રોગ, બાળરોગ, ઓસ્ટિયોપોરોસીસ તથા અન્ય સારવાર, ચહેરાનો લકવો, બેઠાડું જીવન, તૈલી ખોરાક, અનિયમિત કે અપૂરતી ઉંઘ, થાઈરોઈડ અને મહિલાઓમાં થતા આંતરસ્ત્રાવોના બદલાવના લીધે થતો પીસીઓડી/પીસીઓ-૫ ના કારણે થતો ડાયેટ ચાર્ટથી વજન ઘટાડી શકાય, તેનું માર્ગદર્શન

આપવામાં આવ્યું હતું.

**સંસ્થાને અનુદાન :**

રૂા. ૧,૦૦,૦૦૦/- (એક લાખ) નું દાન સ્વ. શ્રી શશીકાંતભાઈ રતિલાલ વાધરની યાદમાં, શશી ઈન્ડસ્ટ્રીઝ બેંગ્લોર તરફથી હસ્તે. શ્રી હિતેનભાઈ વાધર દ્વારા મળેલ છે, જેનો આભાર સ્વીકાર કરી, વાધર પરિવાર પ્રત્યે આભારની લાગણી વ્યકત કરવામાં આવેલ છે.

**હોસ્પિટલમાં ચામડીના રોગની સારવાર અને માર્ગદર્શન સેવાઓ શરૂ :**

હોસ્પિટલ ખાતે ચામડી, વાળ, નખ અને ગુપ્ત રોગના નિષ્ણાંત ડૉ. કાનન વડોદરિયા (એમ.ડી. સ્કીન અને વી.ડી.) તા. ૧૩-૪ થી દર ગુરૂવાર અને શનિવારે એમ બે દિવસ સાંજના ૪ થી ૫ દરમ્યાન રાહતદરે પોતાની સેવાનો લાભ આપશે. જેમાં ખીલ, ખીલના ખાઘા તથા ડાઘાની વૈજ્ઞાનિક પધ્ધતિથી સારવાર, ચેપી તથા બીન ચેપી મસાની **પીડા રહીત** સારવાર, ખરતા વાળ, ટાલ, ખોડો તથા વાળનો ગ્રોથ વધારવા માટેની અત્યાધુનિક સારવાર, સ્ટ્રેચ માર્કસની સારવાર, કાનની બુટી વિંધવા તથા સાંધવા માટેની સારવાર, કોસ્મેટિક સર્જરી, કેમિકલ પિલીંગ, અત્યાધુનિક કોસ્મેટિક સારવાર અંગે વિગતવાર માર્ગદર્શન આપવામાં આવશે.

**માર્ચ `૨૪ દરમ્યાન, નીચે મુજબના દર્દીઓને વિનામૂલ્યે અથવા રાહતદરે સારવાર આપવામાં આવેલ છે.**

| DEPARTMENT | No.Of Patients | DEPARTMENT | No.Of Patients |
|---|---|---|---|
| EYE DEPARTMENT | | CHEST PHYSICIAN | 4 |
| OPD | 264 | PHYSIOTHERAPY | 3 |
| Cataract Surgeries - Free | 7 | GENERAL OPD | 163 |
| Cataract Surgeries - Paid | 2 | PSYCHIA TRIC | 13 |
| EYE Retina | 13 | PSYCHIATRIC (M.D.) | 72 |
| ENT DEPARTMENT | | ORTHOPEDIC DEPARTMENT | 36 |
| OPD | 426 | PEDIATRIC | 47 |
| OPERATION - PAID | 2 | SKIN DEPARTMENT | 122 |
| MINOR PROCEDURE | 74 | X-RAY DEPARTMENT | 41 |
| DENTAL DEPARTMENT | | LABORATORY PATIENT | 159 |
| OPD | 148 | LABORATORY TEST | 298 |
| PROCEDURE | 168 | SONOGRAPHY | 42 |
| MATERNITY | | CAMP | 8 |
| OPD | 94 | PATIENT | 409 |
| DELIVERY | 0 | SHAMJI MAVJI RELIEF | 2 |
| OPERATION | 5 | | |



સ્વ. ભાવસાર દેવચંદભાઈ મુળજીભાઈ તળાજીયા અને સ્વ. ભાવસાર ખમાલક્ષ્મી દેવચંદભાઈ તળાજીયા

## 'અંકુર' મંદબુધ્ધિવાળા બાળકોની શાળા

✍ નેહલ ગઢવી



**S.W.O.T. એનાલિસીસ અંગે મિટીંગ :**

માનદ મંત્રી શ્રી ડી.જે. ધંધુકિયા સાહેબની અધ્યક્ષતામાં S.W.O.T. એનાલિસીસ, તેમજ સંસ્થાનો આગામી પાંચ વર્ષ માટેનો રોડમેપ તૈયાર કરવા માટે તથા આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૨૪થી કયો સિલેબસ અમલમાં મુકવો, તે અંગે એક અગત્યની મિટીંગ યોજાયેલ. જેમાં ઉપરોક્ત વિવિધ પાસાઓ અંગે ગહન ચર્ચા વિચારણા કરવામાં આવેલ. જેમાં માનદ મંત્રી શ્રી ડી.જે. ધંધુકિયા સાહેબ, આચાર્યશ્રી મેઘજીખાન સાયબાણી તથા ગર્વમેન્ટ સ્ટાફ, ટ્રસ્ટ સેટઅપના સિનીયર શિક્ષકો તથા થેરાપીસ્ટો જોડાયા હતા.

**વિશ્વ ડાઉન સિન્ડ્રોમ દિવસની ઉજવણી - સેમિનાર :**

તા. ૨૧ માર્ચ **વિશ્વ ડાઉન સિન્ડ્રોમ દિવસ** નિમિત્તે શાળામાં ડાઉન સિન્ડ્રોમ બાળકોના વાલી માટે એક **સેમિનાર**નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાળાના ફિઝીયોથેરાપીસ્ટ ડૉ. રાધિકાબેન ગોહેલ દ્વારા ડાઉન સિન્ડ્રોમ બાળકોમાં ખાનપાનની આદતો પર વકતવ્ય આપવામાં આવ્યું હતું. ત્યારબાદ આચાર્યશ્રી



મેઘજીખાન સાયબાણી દ્વારા ડાઉન સિન્ડ્રોમ બાળકો માટે શાળા અને ઘરમાં કઈ-કઈ પ્રવૃત્તિઓ કરાવી શકાય, એ અંગે વાત કરવામાં આવેલ. ત્યારબાદ અમદાવાદના ઓક્યુપેશનલ થેરાપીસ્ટ ડૉ. સુભાષભાઈ આપ્ટે દ્વારા ઘરમાં જ આપી શકાય તેવી ઓક્યુપેશનલ થેરાપી વિષય પર ઊંડાણપૂર્વક બહુ સરળ ભાષામાં ઓનલાઈન માહિતી આપવામાં આવી હતી. આ સેમિનારમાં આશરે ૫૫ જેટલા વાલીઓએ ભાગ લીધો હતો. આ સાથે માનદ મંત્રી શ્રી ડી.જે. ધંધુકિયા સાહેબ દ્વારા વાલીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. અંતમાં શ્રી પારૂલબેન પાઠક દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી. ઓનલાઈન કાર્યક્રમમાં જોડવાની કામગીરી શ્રી મયુરભાઈ રાઠોડ દ્વારા કરવામાં આવેલ. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી રેશ્માબેન શાહ દ્વારા કરવામાં આવેલ, તેમજ સંકલન આચાર્યશ્રી મેઘજીખાન સાયબાણી દ્વારા કરવામાં આવ્યું હતું.

**શાળાના બાળકોની કલા પ્રસ્તુતિ :**

નવનિધિ દિવ્યાંગજન ટ્રસ્ટ દ્વારા, **વુમન્સ પાવર** પર એક કાર્યક્રમ યશવંતરાય નાટ્યગૃહ ખાતે યોજાયેલ. જેમાં શાળાના બાળકોએ એક **સાંસ્કૃતિક ડાન્સ કૃતિ** રજૂ કરેલ. સાંસ્કૃતિક કૃતિનું આયોજન ડૉ. ભાવનાબેન અંધારિયાએ કરેલ તથા સમગ્ર સંકલન આચાર્યશ્રી મેઘજીખાન સાયબાણીએ કરેલ. સાથે સહાયક તરીકે શ્રી પ્રજ્ઞાબેન ગોહિલ, શ્રી ભાવિષાબેન પારેખ, શ્રી ભાવનાબેન વર્મા તથા શ્રી રેખાબેન ચુડાસમા સાથે રહેલ. કાર્યક્રમ દરમિયાન રાજવી પરિવારના માનનીય શ્રી જયવીરસિંહજીની વિશેષ ઉપસ્થિતિ રહેલ તથા તેમણે બાળકો સાથે વાતો કરી, બાળકોને પ્રોત્સાહિત પણ કરેલ. આ કાર્યક્રમમાં બધા જ બાળકોને પ્રમાણપત્ર આપવામાં આવેલ.

**સ્પોર્ટ્સના સાધનોની ભેટ :**




માનદ મંત્રી શ્રી અલ્પેશભાઈના પ્રયત્નોથી, વેસ્ટર્ન રેલ્વે વુમન વેલ્ફેર ઓર્ગેનાઈઝેશનના સભ્યોએ શાળાની મુલાકાત લીધેલ અને રૂા. ૨૩,૦૦૦/- ના **સ્પોર્ટ્સના સાધનો શાળાને ભેટ** આપેલ. આ પ્રસંગે વેસ્ટર્ન રેલ્વે વુમન વેલ્ફેર ઓર્ગેનાઈઝેશનના પ્રેસિડેન્ટ તથા મેમ્બર ઉપસ્થિત રહેલ. ઉપરોક્ત ડોનેશન માટે શ્રી આરીફભાઈ જેઠવાએ પ્રશંસનિય પ્રયત્નો કરેલ. કાર્યક્રમનું સંચાલન ડૉ. ભાવનાબેન અંધારિયાએ તથા આભારવિધિ શ્રી જયપાલસિંહ ગોહિલે કરેલ. સમગ્ર કાર્યક્રમનું સંકલન આચાર્યશ્રી મેઘજીખાન સાયબાણી દ્વારા કરવામાં આવ્યું હતું.

**શાળામાં ધૂળેટી પર્વની ઉજવણી :**




શાળામાં તા. ૨૨-૩ ના રોજ લાયન્સ કલબ ઓફ ભાવનગર વેસ્ટની ટીમ દ્વારા શાળાના બાળકો સાથે હર્ષોલ્લાસ ભર્યા વાતાવરણમાં **ધૂળેટી પર્વ**ની શાનદાર ઉજવણી કરવામાં આવેલ. સાથો-સાથ તેમના દ્વારા દરેક બાળકોને ગીફટ તથા નાસ્તો પણ આપવામાં આવ્યો હતો.

**શાળાનું ગૌરવ :**



દિલ્હી ખાતે સ્પેશ્યલ ઓલિમ્પિક્સ ભારત દ્વારા લોન ટેનિસ અને જુડોની નેશનલ ચેમ્પિયનશીપ યોજાયેલ. જેમાં શાળાના વિદ્યાર્થી નૈયા તેજસો લોન ટેનિસમાં સિલ્વર મેડલ, તેમજ બાવનકા નવાજે જુડોમાં સિલ્વર મેડલ મેળવી, નેશનલ કક્ષાએ **શાળાનું ગૌરવ** વધારેલ અનાચાર્ય શ્રી મેઘજીખાન સાયબાણીના માર્ગદર્શન હેઠળ, શાળાના સ્પોર્ટ્સ શિક્ષક શ્રી આસીફભાઈ પઠાણ તથા શિક્ષક શ્રી જયપાલસિંહ ગોહિલે, બંને બાળકોને ટ્રેનિંગ

આપેલ. શિક્ષક શ્રી જયપાલસિંહે દિલ્હી ખાતે બંને બાળકોના કોચ તરીકેની જવાબદારી પણ નિભાવી હતી.

**રાષ્ટ્રિય કક્ષાએ શાળાનું ગૌરવ :**




સ્પેશ્યલ ઓલિમ્પિક્સ, ભારત દ્વારા તા. ૨૦ થી ૨૮ માર્ચ દરમ્યાન પોંડિચેરી ખાતે બાસ્કેટ બોલ નેશનલ ચેમ્પિયનશીપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાતની ટીમ વતી ભાવનગરની અંકુર શાળાના બે વિદ્યાર્થીઓ અનુક્રમે હબીબાણી મુસ્કાનએ ગોલ્ડ મેડલ તથા ડાભી ભાવેશે ચોથો ક્રમ પ્રાપ્ત કરી **રાષ્ટ્રિય કક્ષાએ શાળા**નું નામ રોશન કરેલ. શાળાના સ્પોર્ટ્સ શિક્ષક શ્રી આસીફખાને આ બાળકોને ટ્રેનિંગ આપેલ તથા કોચ તરીકે શ્રી મોનાલીબેન ઉપાધ્યાયે કામગીરી બજાવેલ.

**દિવ્યાંગ મતદાન જાગૃતિ અભિયાન :**

આગામી લોકસભા ચૂંટણી-૨૦૨૪ અંતર્ગત જિલ્લા ચૂંટણી અધિકારી તથા જિલ્લા સમાજ સુરક્ષા ખાતાની કચેરી, તેમજ અંકુર શાળાના સંયુક્ત ઉપક્રમે **દિવ્યાંગ મતદાન જાગૃતિ અભિયાન** કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.



કાર્યક્રમની શરૂઆત શાળાના બાળકોની સુંદર પ્રાર્થના દ્વારા કરવામાં આવેલ. મહેમાનોનું શાબ્દિક સ્વાગત શ્રી હરદીપભાઈ કામળિયાએ કર્યું હતું. ત્યારબાદ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી શ્રી ભગીરથસિંહ ચુડાસમાએ મતદાનનું મહત્વ તથા દિવ્યાંગ મતદારો પણ પોતાના મતાધિકારનો ઉપયોગ કરી, અવશ્ય મતદાન કરે તે સંદર્ભમાં સુંદર વકતવ્ય આપેલ.

ત્યારબાદ શાળાના શિક્ષક શ્રી પારસભાઈ પરમારે **સક્ષમ એપ્લિકેશન** અંગેની માહિતી પૂરી પાડી હતી તથા પ્રતિજ્ઞા લેવડાવેલ, તેમજ શ્રી નેહલબેન ગઢવીએ ઓડિયો મેસેજ દ્વારા મતદાનના મહત્વ વિશે માહિતી આપી હતી. મતદાતાઓને માસ્ટર ટ્રેનર દ્વારા EVM મશીનનું નિર્દશન કરાવવામાં આવેલ. આ કાર્યક્રમમાં બૌધ્ધિક અક્ષમતા, બધિર, મગજના લકવાગ્રસ્ત, પ્રજ્ઞાચક્ષુ તથા શારીરિક દિવ્યાંગ મતદાતઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેલ. કાર્યક્રમનું સંચાલન શ્રી ક્રિષ્નાબેન રૂપેરાએ તથા આભારવિધિ શ્રી જયપાલસિંહ ગોહિલે કરેલ. સમગ્ર કાર્યક્રમનું સંકલન આચાર્યશ્રી મેઘજીખાન સાયબાણી દ્વારા કરવામાં આવ્યું હતું.

## શ્રી ડી.કે. અજમેરા ફાઉન્ડેશન તથા શ્રીમતી ભાનુમતિ વાડીલાલ ચત્રભુજ ગાંધી "ભાનુવાડી" વોકેશનલ ટ્રેનિંગ સેન્ટર

હાલ ઉપરોકત વિભાગમાં બાળકોની તોરણ, ટોડલિયા, શોપિંગ બેગ તથા સિલાઈ કામ અંગેની સ્કિલ ડેવલપમેન્ટ અંગેનું કાર્ય શરૂ છે.

## સ્વ. શ્રી શશીકાંતભાઈ સાકરલાલ વેલાણી ટીચર્સ ટ્રેઈનિંગ કોલેજ ફોર સ્પેશ્યલ એજ્યુકેશન (મેન્ટલ રિટાર્ડેશન)



ભાવિકા કામદાર

**ડાઉન સિન્ડ્રોમ દિવસની ઉજવણી :**

અંકુર ટિચર્સ ટ્રેનિંગ કોલેજ ફોર આઈ.ડી.ડી. ના પ્રથમ તથા બીજા વર્ષના તાલીમાર્થીઓ દ્વારા **વર્લ્ડ ડાઉન ડાઉન સિન્ડ્રોમ દિવસ** મનાવવામાં આવેલ. જેમાં કો-ઓર્ડિનેટર ડૉ. ભાવિકાબેન દ્વારા તાલીમાર્થીઓને ડાઉન સિન્ડ્રોમ બાળકો વિશે પ્રાથમિક માહિતી આપવામાં આવેલ. ત્યારબાદ દરેક તાલીમાર્થીઓ, ડાઉન સિન્ડ્રોમથી વાકેફ થાય તે માટે વર્ગ કાર્ય કરેલ.



# યુવક સંમેલન મુંબઈ
# લાઈબ્રેરી



છાયા જોષી

## લાઈબ્રેરીમાં એપ્રિલ મહિનામાં નવા આવેલ પુસ્તકો

| પુસ્તકનું નામ | પ્રકાર |
|---|---|
| તિબેટના ભીતરમાં | સાહસ કથા |
| સત્ય નડેલા (માઈક્રોસોફ્ટ) | પ્રેરક કથા |
| અંતરિક્ષના આગિયા | નવલ કથા |
| જીતવાની અનોખી આદત | પ્રેરક કથા |
| અડધે રસ્તે | નવલ કથા |
| એક કારકુનની આત્મકથા | નવલ કથા |
| પાપ પશ્ચાતાપ | નવલ કથા |
| જોગ સંજોગ | નવલ કથા |
| જડ ચેતન ભાગ-૧ અને ૨ | નવલ કથા |
| સંસારી સાધુ | નવલ કથા |
| સપનાની હવેલી | નવલ કથા |

| પુસ્તકનું નામ | પ્રકાર |
|---|---|
| કોઈ પ્રેમ કરે કોઈ પૂજા | નવલ કથા |
| વગડા વચ્ચે ટહૂકો ભાગ-૧ થી ૨ | નવલ કથા |
| સિંહ પુરુષ (વીર સવારકરના જીવન પર) | નવલ કથા |
| પીળા રૂમાલની ગાંઠ ભાગ-૧ થી ૩ | નવલ કથા |
| ડાયનોસોર | ચિલ્ડ્રન્સ એન્સાયકલોપીડિયા |
| એલિયન્સ | ચિલ્ડ્રન્સ એન્સાયકલોપીડિયા |
| સંદેશા વ્યવહાર | ચિલ્ડ્રન્સ એન્સાયકલોપીડિયા |
| રમત-ગમત | ચિલ્ડ્રન્સ એન્સાયકલોપીડિયા |
| વિશ્વની સંસ્કૃતિઓ | ચિલ્ડ્રન્સ એન્સાયકલોપીડિયા |
| મમી અને પિરામિડ | ચિલ્ડ્રન્સ એન્સાયકલોપીડિયા |

## ૧ થી ૩૦ એપ્રિલ ૨૦૨૪ સુધીના દાતાઓની યાદી

PNR
HOPE 4 ALL

### P. N. R. SOCIETY

### 80-G

| Name | Rs. |
|---|---|
| Shri Bhupendra Himmatlal Shah - Mumbai | 1,25,000 |
| Shri Mangal Seva Foundation - Mumbai | 1,00,000 |
| Shri Jitendrabhai J. Mehta - Mumbai | 1,00,000 |
| M/S. Sheth Entreprises - Mumbai | 1,00,000 |
| Shri Gadhia Chhaganlal Gokalbhai - Rajkot | 1,25,000 |
| Shri Vamanrai Vrajlal Parekh - Mumbai | 1,00,000 |
| Shri Mukesh Mahendraprasad Oza - Mumbai | 50,000 |
| M/S. Hindustan Pencils Pvt. Ltd. - Mumbai | 1,00,000 |
| Dr. Rakesh Markandeya - Solan (H.P.) | 5,000 |
| Shri Jitendra Kirtilal Bhansali Trust - Mumbai | 1,00,000 |
| Shri Nareshbhai P. Dangi - Bhavnagar | 11,000 |
| Shri Harsha Sheth - Mumbai | 5,000 |
| Shri Hetal Apurva Foundation - Mumbai | 5,000 |
| M/S. Voles Lighting & Plastik Industries - Mumbai | 100,000 |
| Shri Karna Deepak Mehta S/O. Deepak Mehta - Pune | 1,50,000 |
| Shri Anuj Deepak Mehta S/O. Deepak Mehta - Pune | 1,50,000 |
| Shri Nisarg Gheewala - Bharuch | 5,000 |
| Shri Deepak Jagmohandas Mehta - Pune | 2,00,000 |
| Shri Rajendrakumar Kantilal Mehta - Vadodara | 8,000 |

### FCRA

| Name | Rs. |
|---|---|
| Well Eisher General Donation | 5,000 |
| Impact Foundation, Screening, Eye Opration & Congenital Oper.(Impact) - U.K. | 1,73,400 |

### CSR

| Name | Rs. |
|---|---|
| M/S. Madhu Silica Pvt. Ltd. - Bhavnagar | 1,70,625 |
| M/S. Hindustan Pencils Pvt. Ltd. - Mumbai | 1,00,000 |

### K. L. INSTITUTE FOR THE DEAF - TRUST

| Name | Rs. |
|---|---|
| Shri Krunalbhai Shah - Bhavnagar | 12,000 |
| Shri Sneha Ketan Sheth - Surat | 6,000 |
| Shri Bharat Narmadashanked Dave - Ahmedabad | 3,00,000 |
| Shri Tanmanben M. Mahiyar - Bhavnagar | 5,200 |
| Shri Lions Club Of Jalandhar - Punjab | 30,000 |
| Shri Sadgurukrupa Annakshetra Seva - Bhavnagar | 6,000 |
| Shri Kana Jaysur - Ahmedabad | 1,000 |
| Shri Bharati J. Shah - Ahmedabad | 10,000 |
| Shri Bharati J. Shah - Ahmedabad | 10,000 |
| Shri Jenil Shah - Mumbai | 6,000 |
| Shri Sameer Ramniklal Ajmera - Bhavnagar | 9,100 |

| | |
|---|---|
| Shri Mukesh Oza - Mumbai | 50,000 |
| Shri Kamleshbhai R. Sheth - Bhavnagar | 3,000 |
| Shri Paresh L. Boricha - Bhavnagar | 5,000 |
| Shri Manish Jashvantlal Gandhi - Mumbai | 6,000 |
| Shri Vibhuti Bharat Dave - Ahmedabad | 1,00,000 |
| Shri Smruti Bharat Dave - Ahmedabad | 1,00,000 |
| Shri Dilip Talakchand Shah - Mumbai | 15,000 |
| Shri Indrajit Rana - Bhavnagar | 2,500 |
| Dr. Shri Yogeshbhai Upadhayay - Bhavnagar | 2,000 |
| Shri Deepak Natvarlal Shah - Mumbai | 6,000 |
| Shri Maheshbhai Kishanbhai Kshirsagar - Bhavnagar | 1,000 |
| Lt. Pradeepkumar Hargovinddas Parmar - Bhavnagar | 10,000 |
| Shri Raghuvirsinh Jadeja - Bhavnagar | 7,000 |
| Shri B. J. Modi Foundation - Mumbai | 7,50,000 |
| Shri B. J. Modi Foundation - Mumbai | 2,00,000 |
| Shri Daxit Kantilal Semlani&Mohanrajaji Semlani - Mumbai | 6,000 |
| Shri Varsha Tarun Salot - Chennai | 6,000 |
| Shri Samjuben Bhimjibhai Mehta - Bhavnagar | 6,000 |
| Shri A G R Enterprises - Mumbai | 7,000 |
| Shri Jyuthika Akshay Marfatia - Mumbai | 10,000 |

## ANKUR SCHOOL FOR M. R. CHILDREN

COMMITMENT TO EXCELLENCE

| | Rs. |
|---|---|
| M/S. Alang Auto And Gen. Engg. Co. Pvt. Ltd. - Bhavnagar | 10,00,000 |
| M/S. Lincoln Pharmaceuticals Ltd. - Ahmedabad | 1,00,000 |
| Shri Kishorbhai Nagindas Bhayani - Bhavnagar | 51,000 |
| Shri Vinod Virji Shah - Mumbai | 50,000 |
| Shri Tathastu Foundation - Ahmedabad | 50,000 |
| Shri Mahendrakumar Ambalal Shah - Ahmedabad | 50,000 |
| Shri Hansika Mahendra Shah - Ahmedabad | 50,000 |
| Shri Gulabben Karshanbhai Bhakt - Mangrol | 25,000 |
| Shri Karshanbhai Sitarambhai Bhakt - Mangrol | 25,000 |
| Shri Devendrabhai R. Sheth - Bhavnagar | 25,000 |
| Shri Vinod Nandlal Hakani - Bhavnagar | 21,000 |
| Dr. Dilipsang Ratansang Hadiyal - Bhavnagar | 21,000 |
| Shri Ekta's Closet - Bhavnagar | 11,000 |
| M/S. Small Wonder - Bhavnagar | 11,000 |
| M/S. Rachna Infrastructure & Engineering Co. - Bhavnagar | 11,000 |
| Shri Vanshika Jimitbhai Patel - Bhavnagar | 11,000 |
| Shri Indira Mahesh Shah - Mumbai | 10,000 |
| Shri Kulsumben Sabbirbhai Rajkotwala - Bhavnagar | 10,000 |
| Shri Pranavbhai Kanaiyalal Pandya - Bhavnagar | 5,201 |
| Shri Chaitanya Balkrishna Andhariya - Bhavnagar | 5,100 |
| Shri Payalben Markandrai Mehta - Bhavnagar | 5,100 |
| Shri Bharatbhai Dayalbhai Gulwani - Bhavnagar | 5,100 |
| Well Wisher - Bhavnagar | 5,001 |
| Shri Vipulbhai Hindocha - Bhavnagar | 5,001 |
| Shri Kishorkumar Bhogilal Davda - Gondal | 5,000 |
| Shri Vishva Devarshibhai Bhatt - Bhavnagar | 5,000 |
| Shri Dilip Dodhiwala - Mumbai | 5,000 |
| Shri Vikram Savai - Ahmedabad | 5,000 |
| Shri Kaushik Vishnuprasad Shukla - Gandhinagar | 5,000 |
| Shri Panjwani Kiyanabbas Mehndiraja - Bhavnagar | 5,000 |
| Shri Ishwarbhai R. Khandwala - Mumbai | 5,000 |
| Shri Dodeja Soniya Nareshbhai - Bhavnagar | 5,000 |
| Shri Abbasbhai Hajibhai Radhanpura - Bhavnagar | 5,000 |
| Shri Parasbhai Madhvjibhai Parmar - Bhavnagar | 4,500 |
| Shri Monaliben Bhatt - Bhavnagar | 3,200 |
| Shri Jyotiben Pandya - Bhavnagar | 3,111 |
| Shri Hiteshbhai B. Joshi - Rajkot | 3,100 |
| Shri Kamleshbhai Rasiklal Sheth - Bhavnagar | 3,000 |
| Shri Baba Shah - Mumbai | 2,800 |
| Shri Utsavbhai Ghanshyambhai Makwana - Bhavnagar | 2,500 |
| Shri Nandkishor Mansukhlal Dave - Bhavnagar | 2,100 |
| Shri Makwana Gauravbhai Natubhai - Bhavnagar | 2,001 |
| Shri Pankajbhai Ghetiya - Rajkot | 2,000 |
| Dr. Radhika Keval Gohel - Bhavnagar | 2,000 |
| Shri Ayush Kishorbhai Bhojwani - Bhavnagar | 2,000 |
| Shri Shiraz Sadruddin Lalani - Mumbai | 1,111 |
| Shri Kalvatar Sajad Abdulbhai - Bhavnagar | 1,111 |
| Shri Alyani Mahmmadjaman Farukbhai - Bhavnagar | 1,100 |
| Shri Jadeja Gajendrasinh K. (Pragatiben) - Bhavnagar | 1,100 |
| Shri Darshan Hasmukhbhai Lalani - Bhavnagar | 1,100 |
| Shri Manojbhai Chandubhai Pagdhal - Rajkot | 1,001 |
| Well Wisher - Bhavnagar | 1,001 |
| Shri Kalsariya Nutan Alpeshbhai- Bhavnagar | 1,001 |
| Parasbhai Madhvjibhai Parmar - Bhavnagar | 1,000 |
| Shri Dharmeshbhai Chheda - Thane | 1,000 |
| Shri Manishbhai Dipinlal Rana - Ahmedabad | 1,000 |
| Shri Mandaviya Rizvan - Bhavnagar | 1,000 |
| Shri Bavanka Navaz - Bhavnagar | 1,000 |
| Shri Urjit Ashishbhai Upadhyay - Bhavnagar | 1,000 |
| Shri Aanvi Nandishbhai Gandhi - Bhavnagar | 1,000 |
| Shri Pramod Chimanlal Gandhi - Bhavnagar | 1,000 |
| Shri Saiyad Atifa Jahidbhai - Bhavnagar | 1,000 |

## BHAVNAGAR NAVJAWAN SANGH
### V.C. Lodhawala & Pratapbhai Parekh Ployclinic

| | |
|---|---|
| M/S. Shashi Industries - Bangalore | 1,00,000 |



દીર્ઘકાલીન દિવ્યાંગોની સેવા બદલ શ્રી બાબાભાઈનું સન્માન



સ્વામીશ્રી પરમાત્માનંદજીના હસ્તે શ્રી બાબાભાઈનું વિશિષ્ટ સન્માન



૯૫ વિકલાંગ પરિવારોને અન્નદાન...



વર્લ્ડ પાર્કિન્સન્સ ડે માં દીપ પ્રાગટ્ય કરતાં...



સન્માન સમારોહમાં મંચસ્થ મહાનુભાવો...




કાર્યક્રમનું સંકલન કરતાં ડૉ. કવિતાબેન અને શ્રી પારસભાઈ શાહ



સ્વામીશ્રી પરમાત્માનંદજી સાથે PNR ટ્રસ્ટી પરિવાર

Koshish Thi Kamyabi ◆ RNI No. GUJGUJ/2013/48176 ◆ Postel Reg. No. L2/36/RNP/BVR-414/2022-24◆ Monthly
Date of Publication : 15 May - 24 ◆ Posted at 20th of every month at BHAV.RMS ◆ Subscription Rs. 150 per year (12 Issue) ◆ Total Page : 32




Hindustan Pencils Pvt. Ltd. 510, Himalaya House, Mumbai - 400 001 Tel.: 91-22-22614505/06/07
Email: feedback@hindustanpencils com